RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 194** **Dt. 07-02-2026** **Page : 08** **Price : Rs 3**





Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

### ટ્રમ્પનો ફરી એકવાર દાવો : તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવ્યું હતું

## ભારત-પાકનું યુદ્ધ મે અટકાવ્યું : ટ્રમ્પ

### અમેરિકી રાષ્ટ્રપતિએ જાહેર ભાષણો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૯૦થી વધુ વખત આવો દાવો કર્યો : ભારતે દાવાને સતત નકાર્યો!

નવી દિલ્હી, તા.૬
અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે ફરી એકવાર ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમના વહીવટીતંત્રે ગયા વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવ્યું હતું. ટ્રમ્પે કહ્યું કે તેમણે એક વર્ષમાં ''આઠ ભયંકર યુદ્ધોનો અંત'' કર્યો છે, જેમાં કંબોડિયા અને થાઈલેન્ડ, કોસોવો અને સર્બિયા, આર્મેનિયા અને અઝરબૈજાન અને ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષોનો સમાવેશ થાય છે. બાદમાં, ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે આ દાવાનું પુનરાવર્તન કર્યું કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ ફાટી નીકળતા અટકાવ્યું હતું.



તેમણે કહ્યું કે, ''યુનાઈટેડ સ્ટેટ્સ વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ છે. મેં મારા પહેલા કાર્યકાળમાં તેની સેનાને સંપૂર્ણપણે ફરીથી બનાવી, જેમાં નવા અને ઘણા નવીનીકૃત પરમાણુ શસ્ત્રોનો સમાવેશ થાય છે. મેં સ્પેસ ફોર્સ પણ ઉમેર્યું અને હવે, ઉચ્ચ સ્તર પર અમારી સેનાનું પુનઃનિર્માણ કરી રહ્યા છીએ. અમે યુદ્ધ જહાજો પણ ઉમેરી રહ્યા છીએ, જે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સમુદ્રમાં ફરતા યુદ્ધ જહાજો - આયોવા, મિઝોરી, અલાબામા અને અન્ય કરતા ૧૦૦ ગણા વધુ શક્તિશાળી છે.

ટ્રમ્પે પોસ્ટ કર્યું કે, મેં પાકિસ્તાન અને ભારત, ઈરાન અને ઈઝરાયલ, અને રશિયા અને યુક્રેન વચ્ચે વિશ્વભરમાં પરમાણુ યુદ્ધો અટકાવ્યા છે. યુએસ રાષ્ટ્રપતિએ જાહેર ભાષણો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૯૦ થી વધુ વખત આ દાવો કર્યો છે. તેમના આ દાવા ગયા વર્ષે ૧૦ મેના રોજ શરૂ થયા હતા, જ્યારે ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ભારત અને પાકિસ્તાન વોશિંગ્ટન દ્વારા મધ્યસ્થી વાટાઘાટો પછી ''સંપૂર્ણ અને તાત્કાલિક'' યુદ્ધવિરામ માટે સંમત થયા છે.

જોકે, ભારતે વારંવાર કોઈપણ તૃતીય-પક્ષ મધ્યસ્થીનો ઇનકાર કર્યો છે, અને કહ્યું છે કે પાકિસ્તાન સાથેના તમામ મુદ્દાઓ દ્વિપક્ષીય રીતે ઉકેલવામાં આવે છે. ભારતે ભારપૂર્વક જણાવ્યું છે કે નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામ સમજૂતી બંને દેશો વચ્ચે સીધી વાતચીતનું પરિણામ હતું, જેમાં કોઈ બાહ્ય સંડોવણી ન હતી. બીજી તરફ, પાકિસ્તાને ભૂતકાળમાં આ ક્ષેત્રમાં અમેરિકાની ભાગીદારીનું સ્વાગત કર્યું છે, જોકે તેણે ટ્રમ્પના દાવાઓને સમર્થન આપતી ચોક્કસ વિગતો ભારતે રજુ કરી નથી.

## સંસદમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

### ભારત-અમેરિકા વેપાર કરાર, નરવણેના સંસ્મરણ વિવાદ અને આઠ સાંસદોના સસ્પેન્શન અંગે વિપક્ષી સાંસદોનો વિરોધ ચાલુ

નવી દિલ્હી, તા.૬
કોંગ્રેસ અને અન્ય વિપક્ષી સાંસદોએ શુક્રવારે સંસદ ભવનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું, અને ભારત-અમેરિકા વેપાર કરાર, ભૂતપૂર્વ સેના વડા એમ.એમ. નરવણેના અપ્રકાશિત સંસ્મરણોને લગતા વિવાદ અને આઠ સાંસદોના સસ્પેન્શન અંગે અસંમતિ વ્યક્ત કરી હતી.




સોમવાર સુધી લોકસભાની કાર્યવાહી સ્થગિત થયા પછી, વિપક્ષી નેતાઓ મકર દ્વાર પાસે ભેગા થયા અને સરમુખત્યારશાહી સહન કરવામાં આવશે નહીં, નરેન્દ્ર, શરણાગતિ અને લોકશાહીની હત્યા બંધ કરો જેવા સૂત્રોચ્ચાર કર્યા. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા, સસ્પેન્ડ કરાયેલા સાંસદો અને અન્ય ઘણા વિપક્ષી સભ્યોએ યુએસ વેપાર કરારના સંદર્ભમાં ટ્રેપ ડીલ લખેલું મોટું બેનર પકડીને ભાગ લીધો હતો. સંસદ સંકુલમાંથી બહાર નીકળતી વખતે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન મોદી પર કટાક્ષ કરતા પત્રકારોને કહ્યું: જો યોગ્ય સમજો વોહ કરો (તમને જે યોગ્ય લાગે તે કરો).

આ અગાઉ, બુધવારે, તેમણે નરવણેના અપ્રકાશિત સંસ્મરણોનો ઉલ્લેખ કરીને આરોપ લગાવ્યો હતો કે મોદીએ ૨૦૨૦ માં ભારત-ચીન સંઘર્ષ દરમિયાન જવાબદારી ટાળી હતી, અને તેની જવાબદારી સેના પ્રમુખ પર નાખી હતી. લોકસભામાં કોંગ્રેસના વ્હીપ અને સસ્પેન્ડ કરાયેલા સાંસદ મણિકમ ટાગોરે કહ્યું હતું કે પાર્ટી વડા પ્રધાનની ''નિષ્ફળતાઓ'' સામે લડત ચાલુ રાખશે. તેમણે આરોપ લગાવ્યો હતો કે મોદી ''બેકફૂટ'' પર છે અને વિદેશી શક્તિઓના દબાણથી પ્રભાવિત થઈને ગૃહમાં હાજર થવામાં ખચકાટ અનુભવે છે.

સોમવારથી લોકસભામાં મડાગાંઠ છે, વિપક્ષ અનેક મુદ્દાઓ પર વિરોધ કરી રહ્યું છે, જેમાં રાહુલ ગાંધીને નરવણે સંસ્મરણો ટાંકવા ન દેવા અને રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન બેકાબૂ વર્તન માટે આઠ સાંસદોને સસ્પેન્ડ કરવાનો સમાવેશ થાય છે.

## જલંધર : 'આપ'ના નેતા લકીઓબેરોયની હત્યા

### પંજાબ સરકારની ઝાટકણી કાઢતા વિરોધ પક્ષો






જલંધર, તા.૬
જલંધરમાં શુક્રવારે સવારે ધોળે દિવસે ગુરુદ્વારાની બહાર આમ આદમી પાર્ટીના નેતા લકી ઓબેરોયની બેફામ ગોળીઓ છોડીને હત્યા કરાઈ હતી. પોલીસે જણાવ્યા મુજબ બાઈક પર આવેલા બે હુમલાખોરો કારમાં બેઠેલા નેતા ઉપર દડાધડ ગોળીઓ છોડીને નાસી છૂટ્યા હતા. લકી ઓબેરોયને પાંચ ગોળીઓ લાગી હતી અને એમને તાત્કાલિક દવાખાને લઈ જવાયા હતા પરંતુ તબીબ હોય એમને મૃત જાહેર કર્યા હતા.

હુમલો થયો ત્યારે આપના નેતા જલંધરના અત્યંત વ્યસ્ત ગણાતા મોડેલ ટાઉન માં આવેલા ગુરુ દ્વારા સાહેબની બહાર કારમાં બેઠા હતા તેમ પોલીસે જણાવ્યું હતું. ઘટના પછી પોલીસ થસી ગઈ હતી અને સમગ્ર વિસ્તારને કોરડોન કરી લેવામાં આવ્યો હતો. હુમલા કોરોની ઓળખ મેળવવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે અને હત્યા પાછળનો હેતુ શું છે તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. આવી રીતે ધોળે દિવસે ગુરુદ્વારા પાસે ગોળીબાર થતાં અને આપના નેતાની હત્યા થઈ જતા લોકોમાં ભારે ભયની લાગણી પ્રસરી વળી છે અને સમગ્ર વિસ્તારમાં વધુ લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

### ઓગસ્ટા વેસ્ટલેન્ડ મુદ્દે મોદી-ભાજપે કોંગ્રેસ પર કૌભાંડનો આક્ષેપ કર્યો હતો તે જ કંપની..

## લિયોનાર્ડો અદાણી ડિફેન્સની ભાગીદાર!

### ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ : હેલિકોપ્ટર ઉત્પાદન ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા કંપની સાથે સમજૂતી કરાર

નવી દિલ્હી, તા.૬
ઓગસ્ટા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર સોદા મુદ્દે ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્ર મોદી વર્ષોથી કોંગ્રેસ પર હુમલો કરી રહ્યા છે, તે હવે અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના ભાગીદાર તરીકે નવા નામ લિયોનાર્ડો હેઠળ ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં ફરી પ્રવેશી રહી છે.

VVIP હેલિકોપ્ટર સોદા કૌભાંડને કારણે ભારતમાં લાંબા સમયથી પ્રતિબંધિત ઈટાલિયન સંરક્ષણ કંપની લિયોનાર્ડો (અગાઉ ઓગસ્ટાવેસ્ટલેન્ડ) અને અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે ભારતમાં એક સંકલિત હેલિકોપ્ટર ઉત્પાદન ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા માટે સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. ભારત-EU વેપાર અને સંરક્ષણ કરારની જાહેરાત પછી તરત જ, આ બંને કંપનીઓએ મંગળવારે (૩ ફેબ્રુઆરી) સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ અને સંરક્ષણ મંત્રાલયના સંપાદન વિભાગના મહાનિર્દેશક એ. અંબારાસુની હાજરીમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

આ પ્રસંગે, સંરક્ષણ સચિવે તેને ''બે પ્રતિષ્ઠિત ઔદ્યોગિક સંસ્થાઓનું વિલીનીકરણ'' ગણાવ્યું, અને જણાવ્યું હતું કે




સંરક્ષણ ક્ષેત્રમાં ૧૦૦% આત્મનિર્ભરતા શક્ય નથી અને તેનો ધ્યેય આયાત પર નિર્ભરતા ઘટાડવાનો હોવો જોઈએ. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે સરકાર વર્ષોથી સંરક્ષણ ક્ષેત્રમાં ''સ્વનિર્ભરતા'' વિશે રાજકીય દાવા કરી રહી છે.

આ પ્રસ્તાવિત ઈકોસિસ્ટમ ભારતીય સશસ્ત્ર દળો અને નાગરિક ક્ષેત્ર માટે હેલિકોપ્ટરનું ઉત્પાદન કરશે તેવું કહેવાય છે. કંપનીના જણાવ્યા અનુસાર, આમાં તબક્કાવાર સ્વદેશીકરણ, જાળવણી, સમારકામ અને ઓવરહોલ સુવિધાઓ અને પાઈલટ તાલીમનો સમાવેશ થશે. જો કે, હજુ સુધી જાહેરમાં સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે ટેકનોલોજી ટ્રાન્સફર કેટલી હદ સુધી થશે અને ભારત ખરેખર કઈ મુખ્ય સિસ્ટમો ધરાવશે.

રસપ્રદ વાત એ છે કે બે અઠવાડિયામાં અદાણી ડિફેન્સનો આ બીજો સોદો છે. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, અદાણી ડિફેન્સ અને એરોસ્પેસે ભારતની પ્રથમ ફિક્સ્ડ-વિંગ કોમર્શિયલ એરક્રાફ્ટ ફાઈનલ એસેમ્બલી લાઈન સ્થાપિત કરવા માટે બ્રાઝિલની એમ્બ્રેર સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

નામ બદલાયું, ઓળખ એ જ રહી?

ઓગસ્ટા વેસ્ટલેન્ડ VVIP હેલિકોપ્ટર સોદો ૨૦૧૦ માં UPA સરકાર દરમિયાન થયો હતો. આ કરાર હેઠળ, ભારત સરકારે રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને અન્ય ઉચ્ચ બંધારણીય અધિકારીઓ માટે ૧૨ AW101 હેલિકોપ્ટર ખરીદવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેની કિંમત આશરે ₹૩,૬૦૦ કરોડ હતી. ૨૦૧૩ માં, ઈટાલીમાં થયેલી તપાસમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે કંપનીએ સોદો કરવા માટે ભારતમાં વચેટિયાઓ અને અધિકારીઓને લાંચ આપી હતી. ત્યારબાદ, ભારત સરકારે સોદો રદ કર્યો, ઓગસ્ટાવેસ્ટલેન્ડ અને તેની મૂળ કંપની, ફિનમેકેનિકાને બ્લેકલિસ્ટ કરી અને CBI અને ED દ્વારા તપાસ શરૂ કરી હતી.૨૦૧૪ માં, કંપનીને ભવિષ્યના ભારતીય ટેન્ડરોમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.૨૦૧૬ માં, ફિનમેકેનિકાએ તેનું નામ બદલીને લિયોનાર્ડો એસ.પી.એ. રાખ્યું અને ઓગસ્ટા વેસ્ટલેન્ડને તેના હેલિકોપ્ટર ડિવિઝનમાં મર્જ કર્યું. ૨૦૨૧ માં, મોદી સરકારે લિયોનાર્ડો પરનો પ્રતિબંધ અમુક શરતોને આધીન હટાવી લીધો, જોકે આ કેસને લગતા તમામ કાનૂની પ્રશ્નોનો સંપૂર્ણ ઉકેલ આવ્યો ન હતો. માર્ચ ૨૦૨૩ માં, કોંગ્રેસે પ્રતિબંધ હટાવવાની ટીકા કરી, અને પ્રશ્ન ઉઠાવ્યો જેનો જવાબ હવે મળી ગયો છે.

### ઈંગ્લેન્ડને હરાવી છઠ્ઠી વખત ટાઈટલ જીતતું ભારત

## અન્ડર ૧૯ વર્લ્ડ કપમાં ભારતનો વૈભવ વિજય

### સૌથી વધુ રનચેઝનો રેકોર્ડ : વૈભવ સૂર્યવંશીએ ૧૭૫ રનની રમી ધમાકેદાર ઈનિંગ

નવીદિલ્હી, તા. ૬
ભારતીય ક્રિકેટ ટીમે અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૬ ની ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને રેકોર્ડ છઠ્ઠી વખત ટાઈટલ જીત્યું. શુક્રવારે ઝિમ્બાબ્વેના હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે વૈભવ સૂર્યવંશીની ધમાકેદાર સદીની મદદથી ભારતે ઈંગ્લેન્ડને હરાવ્યું. ભારતના કેપ્ટન આયુષ મ્હાત્રેએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતીય ક્રિકેટ ટીમે ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ ૧૫ ચોગ્ગા અને ૧૫ છગ્ગા સહિત ૮૦ બોલમાં ૧૭૫ રનની ધમાકેદાર સદી ફટકારીને ટીમને આગળ ધપાવી. આ સૌથી ઝડપી સદી (ઓછામાં ઓછા બોલમાં) અને અંડર-૧૯ વર્લ્ડ કપ ફાઈનલમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર છે. સૂર્યવંશીએ ૨૦૧૨ માં અનમુક્ત ચંદનો ૧૧૧* રનનો રેકોર્ડ તોડ્યો.

તેણે કેપ્ટન આયુષ મ્હાત્રે (૫૩) સાથે બીજી વિકેટ માટે ૧૪૨ રન ઉમેર્યા. ત્યારબાદ વેદાંત ત્રિવેદી (૩૨), વિહાન મલ્હોત્રા (૩૦) અને અભિજ્ઞાન કુંડુ (૪૦) એ મધ્યમ ક્રમનું સંચાલન કર્યું. અંતિમ ઓવરોમાં કનિષ્ક ચૌહાણે ૨૦ બોલમાં અણનમ ૩૭ રન બનાવ્યા. ઈંગ્લેન્ડ તરફથી જેમ્સ મિન્ટોએ ત્રણ વિકેટ લીધી, જ્યારે સેબેસ્ટિયન મોર્ગન અને એલેક્સ ગ્રીને બે-બે વિકેટ લીધી.

૪૧૨ રનના લક્ષ્યનો પીછો કરતા ઈંગ્લેન્ડની શરૂઆત ધીમી રહી. બેન ડોકિન્સ (૬૬) અને બેન મેય્સ (૪૫) એ બીજી વિકેટ માટે ૭૪ રન ઉમેર્યા, પરંતુ ટીમ ૧૭૭/૭ પર પડી ગઈ. જોકે, કેલેબ ફોકનરે ૬૭ બોલમાં નવ ચોગ્ગા અને સાત છગ્ગા ફટકારીને ૧૧૫ રનની વિસ્ફોટક ઈનિંગ રમી. તેમણે જેમ્સ મિન્ટો (૨૮) સાથે આઠમી વિકેટ માટે ૯૨ રન ઉમેર્યા, પરંતુ ઈંગ્લેન્ડ ૩૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું, ૩૦૦ રન સુધી પહોંચવામાં




નિષ્ફળ રહ્યું.

ભારતીય બોલર આરએસ એમ્બ્રિશે શાનદાર બોલિંગ કરી. તેમણે ૯ ઓવરમાં ૫૬ રન આપીને ૩ વિકેટ લીધી. દીપેશ દેવેન્દ્રન અને કનિષ્ક ચૌહાણે બે-બે વિકેટ લીધી. આયુષ માહત્રેએ એક વિકેટ લીધી. આ ભારતનો છઠ્ઠો અંડર-૧૯ વર્લ્ડ કપ ખિતાબ હતો, અને તેની સાથે, ભારતે ઓસ્ટ્રેલિયા પર બે ટાઈટલની લીડ મેળવી, જે ટુર્નામેન્ટના ઈતિહાસમાં બીજી સૌથી સફળ ટીમ છે. ભારત હંમેશા અંડર-૧૯ વર્લ્ડ કપમાં પ્રભુત્વ ધરાવે છે. રસપ્રદ વાત એ છે કે, ભારત ૧૬ સીઝનમાંથી ૧૦ વખત અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચ્યું છે, જે સૌથી વધુ છે. આ ભારતનો ટાઈટલ મેચમાં સતત છઠ્ઠો દેખાવ હતો. ટીમ ૨૦૧૬, ૨૦૧૮, ૨૦૨૦, ૨૦૨૨, ૨૦૨૪ અને ૨૦૨૬માં ટાઈટલ મેચમાં પહોંચી હતી. આ આંકડા પોતે જ બતાવવા માટે પૂરતા છે કે ભારતીય ટીમ અંડર-૧૯ વર્લ્ડ કપમાં અજોડ છે. ઓસ્ટ્રેલિયન ટીમ પણ ભારતથી ઘણી પાછળ છે. ઓસ્ટ્રેલિયા છ વખત અંડર-૧૯ વર્લ્ડ કપ ફાઈનલમાં પહોંચી છે અને ચાર વખત ટાઈટલ જીત્યું છે.

ભારત અંડર-૧૯ વર્લ્ડ કપમાં સૌથી વધુ રન ચેઝ કરવાનો રેકોર્ડ પણ ધરાવે છે. ટીમે અફઘાનિસ્તાન સામેની સેમિફાઈનલમાં આ સિદ્ધિ મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા, અફઘાનિસ્તાને ૫૦ ઓવરમાં ૪ વિકેટે ૩૧૦ રન બનાવ્યા હતા. જવાબમાં, ભારત તરફથી એરોન જ્યોર્જે સદી ફટકારી હતી, જ્યારે વૈભવ સૂર્યવંશી અને કેપ્ટન આયુષ મ્હાત્રેએ અડધી સદી ફટકારી હતી, જેના કારણે ટીમ ૪૧.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૩૧૧ રન સુધી પહોંચી ગઈ હતી. આમ ભારતે અંડર-૧૯ વર્લ્ડ કપમાં સૌથી વધુ રન ચેઝ કરવાનો રેકોર્ડ હાંસલ કર્યો હતો. અગાઉ, આ રેકોર્ડ ન્યુઝીલેન્ડના નામે હતો, જેણે ૨૦૦૬માં આયર્લેન્ડ સામે ૩૦૫ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. ભારતે આ ૨૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો.

## ફેસબુકના માધ્યમથી થયેલા પ્રેમલગ્નનો કરૂણ અંજામ

# સાસરીયાઓએ ૧૦ લાખની માંગણી કરી વહુને તગેડી મૂકી

### લંડન રહેતા પતિએ પત્નીને કહ્યા વગર વિઝા કેન્સલ કરાવ્યા, મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ-સસરા અને જેઠ વિરુદ્ધ ગુનો દાખલ

રાજકોટ, તા. ૦૫
શહેરના કુવાડવા રોડ પર રહેતી અને ઈખકઝ સુધીનો અભ્યાસ કરેલી સોનાલીબેન નામની ૨૮ વર્ષીય યુવતીએ પોતાના પતિ અને સાસરીયાઓ વિરુદ્ધ માનસિક ત્રાસ સહિતની ફરિયાદ નોંધાવી છે. સોનાલીબેનના લગ્ન ઓક્ટોબર ૨૦૨૪માં ગોંડલના વતની અને હાલ લંડન સ્થિત હિમાંશુ રૈયાણી સાથે સામાજિક રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્નના એક મહિના બાદ પતિ લંડન પરત ફરતા સોનાલીબેન ગોંડલ ખાતે તેમના સાસુ-સસરા અને જેઠ સાથે રહેતા હતા.

આ બંને વચ્ચે સોશિયલ મીડિયા પર થયેલી મિત્રતા લગ્નમાં પરિણમી હતી. ફરિયાદની વિગતો મુજબ, વર્ષ ૨૦૨૩માં સોનાલીબેન અને લંડનમાં નોકરી કરતા હિમાંશુ રૈયાણી વચ્ચે ફેસબુકના માધ્યમથી વાતચીત શરૂ થઈ હતી. એકાદ વર્ષના પરિચય બાદ બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લેતા બંને પરિવારો સંમત થયા હતા. ચાર મહિનાની સગાઈના સુખદ સમય બાદ ગત તા. ૨૪/૧૦/૨૦૨૪ના રોજ રાજકોટના લાખેશ્વર મહાદેવ મંદિરે સમાજના રીત-રિવાજ મુજબ તેમના લગ્ન સંપન્ન થયા હતા. જોકે, આ સુખ લાંબો સમય ટક્યું નહોતું.



પિયર પક્ષ સાથે વાત કરવા પર પણ પ્રતિબંધ અને માનસિક ત્રાસ અપાતો હતો. લગ્નના એક મહિના બાદ પતિ હિમાંશુ લંડન પરત ફરતા જ સાસરીયાઓએ પોતાનું અસલી સ્વરૂપ બતાવવાનું શરૂ કર્યું હતું. સોનાલીબેનનો આક્ષેપ છે કે તેમના સાસુ રેખાબેન અને જેઠ યોગીનભાઈ તેમને પરિવારના અન્ય સભ્યો સાથે ભળવા દેતા નહોતા. જો પિયરથી માતા-પિતાનો ફોન આવે તો પણ ફરજિયાત સ્પીકર ફોન પર રાખીને જ વાત કરવાની ફરજ પાડવામાં આવતી હતી. પરિણીતાને ઘરમાં એક પ્રકારની કેદ જેવી સ્થિતિમાં રાખવામાં આવતી હતી.

સાસરીયાઓએ 'અમારે દેણું થઈ ગયું છે' તેવું બહાનું ધરી સોનાલીબેન પાસે પિયરમાંથી રૂ. ૧૦ લાખ લાવવા દબાણ શરૂ કર્યું હતું. જ્યારે સોનાલીબેન લંડનથી પરત ફર્યા ત્યારે તા. ૧૧/૧૧/૨૦૨૫ના રોજ સાસરીયાઓ યુક્તિપૂર્વક તેમના તમામ સોનાના ઘરેણાં 'સગા-વહાલાને બતાવવા છે' તેમ કહી પડાવી લીધા હતા. ઘરેણાંની સાથે સોનાલીબેનનો પાસપોર્ટ પણ સાસરીયાઓએ પોતાની પાસે રાખી લીધો હતો અને ત્યારબાદ તેમને પિયર વળાવી દીધા હતા.

આ કિસ્સામાં સૌથી ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે સોનાલીબેને ફરી પતિ પાસે લંડન જવાના પ્રયત્નો કર્યા. તેમને જાણવા મળ્યું કે પતિ હિમાંશુએ તેમને જાણ કર્યા વગર જ લંડનના વિઝા કેન્સલ કરાવી નાખ્યા હતા, જેથી તેઓ ફરી ક્યારેય લંડન જઈ ન શકે. આ એક સુનિયોજિત કાવતરું હોવાનું પરિણીતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે.

સમાધાનના તમામ પ્રયાસો નિષ્ફળ નિવડતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. સંબંધ બચાવવા માટે સોનાલીબેનના પરિવાર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. વકીલ મારફતે વિનંતી પત્ર મોકલવા છતાં સાસરીયાઓએ કોઈ જવાબ આપ્યો નહોતો. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (મીડિયેશન) અને બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સમાધાન માટે બોલાવવા છતાં સાસરીયાઓએ 'તારે જ્યાં જવું હોય ત્યાં જા, અમારે તને રાખવી નથી' તેવો ઉદ્ધત જવાબ આપ્યો હતો. અંતે ન્યાયની આશાએ સોનાલીબેને મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં પોષણ સાથે સુરક્ષાનો પણ વધ્યો વ્યાપ

### ૫.૧૪ લાખ નવા લાભાર્થીઓ આંગણવાડીની વિવિધ યોજનાથી લાભાન્વિત : ૨.૫૫ લાખથી વધુ આદિવાસી વિસ્તારના તથા ૨.૦૭ લાખથી વધુ ગ્રામીણ વિસ્તારના લાભાર્થીઓ ઉમેરાયા



ગાંધીનગર, તા.૬
રાજ્યનો કોઈ પણ બાળક કે માતા પોષણ અને આરોગ્યની સેવાથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષા વકીલના નેતૃત્વમાં રાજ્યની સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને ૦ થી ૬ વર્ષના બાળકોને પોષણક્ષમ આહાર અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના ઉમદા હેતુથી એક વિશેષ 'WCD કવરેજ ડ્રાઈવ' ચલાવવામાં આવી છે. જે અંતર્ગત ૫.૧૪ લાખ નવા લાભાર્થીઓને આંગણવાડીની યોજનાઓ સાથે જોડવામાં આવ્યા છે.

રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવાના મુખ્યમંત્રીશ્રીના વિઝનને સાકાર કરવાના ભાગરૂપે આ સઘન ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ ઝુંબેશ નવેમ્બર ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ સુધી ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન સઘન પ્રયાસો હાથ ધરીને રાજ્યભરમાં કુલ ૫.૧૪ લાખ નવા લાભાર્થીઓને આંગણવાડીની વિવિધ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા માઈક્રો-પ્લાનિંગને કારણે નોંધપાત્ર પરિણામો મળ્યા છે. જેમાં આદિવાસી વિસ્તારના ૨.૫૫ લાખથી વધુ લાભાર્થીઓ, ગ્રામીણ વિસ્તારોના ૨.૦૭ લાખથી વધુ તથા શહેરી વિસ્તારના ૫૧,૦૦૦ જેટલા લાભાર્થીઓને આંગણવાડી સાથે જોડવામાં આવ્યા છે.

રાજ્યના છેવાડાના નાગરીકોને પણ પોષણલક્ષી યોજનાઓનો લાભ મળે તે હેતુથી આ ઝૂંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં સૌથી વધુ સફળતા આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળી છે. જે આ યોજનાની સફળતાની સાથે સરકારની અંતરિયાળ વિસ્તારો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે. આ ટૂંકા ગાળામાં વિભાગ દ્વારા આ ડેટાની સચોટતા જાળવવા માટે TECHO સોફ્ટવેર અને ફિલ્ડ વેરિફિકેશનનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ઝુંબેશની સફળતા પાછળ આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને જિલ્લા વહીવટી તંત્રનો સિંહફાળો રહ્યો છે. ફિલ્ડ સ્તર પર કરવામાં આવેલી મહેનતને પરિણામે ડેટાની સચોટતામાં સુધારો થયો છે અને ખરા અર્થમાં જરૂરિયાતમંદ લાભાર્થી સુધી સેવાનો વ્યાપ વધ્યો છે. આ ડ્રાઈવ દ્વારા સાબિત થયું છે કે ટેકનોલોજી અને ફિલ્ડવર્કના સમન્વયથી સરકારી સેવાઓ દરેક ઘર સુધી પહોંચી છે.

## ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરની સ્કૂલમાં પરીક્ષા પે ચર્ચા સહભાગી થયેલા ભુપેન્દ્ર પટેલની વિદ્યાર્થીઓને શીખ

# અભ્યાસની જેમ મોબાઈલ-ટીવીનો સમય કરો નક્કી : મુખ્યમંત્રી

### ડિપ્રેશનમાં આવ્યા વિના જીવનમાં સંતુલન જાળવીને કોઈપણ પરિસ્થિતિનો સ્વસ્થ મનથી સામનો કરવા પણ મુખ્યમંત્રીનો અનુરોધ





ગાંધીનગર, તા.૬
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિદ્યાર્થીઓમાં પરીક્ષા અંગે રહેલા ડર અને નિષ્ફળતાનો ભય દૂર કરવાની પ્રેરણા પૂરી પાડતો લોકપ્રિય કાર્યક્રમ 'પરીક્ષા પે ચર્ચા' દેશ ભરમાં શરૂ કરાવ્યો છે. વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓ સહિતની વાર્ષિક પરીક્ષા પૂર્વે આ માટેનું ગહન માર્ગદર્શન તેઓ પાછલા ૮ વર્ષથી 'પરીક્ષા પે ચર્ચા'ના આ ઉપક્રમમાં પુરૂ પાડે છે.

આ વર્ષે 'પરીક્ષા પે ચર્ચા'ના નવમાં સંસ્કરણમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરના સુઘડ ખાતેની આનંદ નિકેતન શાળાના છાત્રો સાથે સહભાગી થયા હતા. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, ગાંધીનગરના મેયર મીરાં બહેન પટેલ, ધારસભ્યો રિટાબહેન અને અલ્પેશભાઈ જિલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબહેન પટેલ સહિત પદાધિકારીઓ, શહેર ભાજપ પ્રમુખ ડૉ. આશિષ દવે પણ મુખ્યમંત્રી સાથે આ કાર્યક્રમમાં જોડાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા આપનારા બાળકોને સફળતાની શુભેચ્છાઓ પાઠવતાં કહ્યુ કે, પરીક્ષા એ જીવનની કસોટી નથી, પણ આપણી મહેનતનું પ્રતિબિંબ છે અને સ્ટ્રેસને સક્સેસમાં બદલવાનું પ્લેટફોર્મ છે. તેમણે ડિપ્રેશનમાં આવ્યા વિના જીવનનું સંતુલન જાળવીને કોઈ પણ પરિસ્થિતિમાં સ્વસ્થ મનથી આગળ વધવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓમાં વધી રહેલા મોબાઈલ ફોનના વળગણ અંગે ટીપ્પણી કરતાં કહ્યુ કે, બાળકો જેમ અભ્યાસ, વાંચન, રમત-ગમતનો સમય અને ટાઈમ ટેબલ નિયત કરે છે તેમ મોબાઈલ જોવાનો પણ કોઈ ચોક્કસ સમય નક્કી કરે, મોબાઈલની આદત ન કેળવે તેવી પણ તેમણે શિખ આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પમાં રાષ્ટ્રહિત પ્રથમનો ભાવ હૈયે રાખીને વિદ્યાર્થીઓ ભાવિ નાગરિક તરીકેનું દાયિત્વ નિભાવે તેવો અનુરોધ કર્યો હતો. વડાપ્રધાનએ પરીક્ષાના સ્ટ્રેસથી બાળકોને મુક્ત રાખવા શરૂ કરાવેલો પરીક્ષા પે ચર્ચાનો આ નવતર અભિગમ હવે બાળકો માટે મોટીવેશનલ પ્રોગ્રામ બની ગયો છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. વડાપ્રધાન દર વર્ષે પરીક્ષા પહેલા બાળકો વચ્ચે જઈને પરીક્ષા પે ચર્ચા અંતર્ગત પ્રત્યક્ષ સંવાદ કરીને તેમને સારા પર્ફોર્મન્સની પ્રેરણા આપનારા સંભવતઃ વિશ્વના એક માત્ર નેતા હશે તેવો પણ ગૌરવ સહ ઉલ્લેખ મુખ્યમંત્રીએ કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના''પરીક્ષા પે ચર્ચા-૨૦૨૬''ના સમારોહ પ્રસંગે શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિદ્યાર્થીઓમાં સંસ્કાર, સમજણ અને સદાચાર એમ ત્રણ જનું નિર્માણ થાય તે માટે ''પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ''ની શરૂઆત કરી હતી. વિદ્યાર્થીના કૌશલ્યને બિરદાવવા સાથે વડાપ્રધાન સાથે સીધા સંવાદ થકી વિદ્યાર્થીઓ ચિંતામુક્ત, દબાણથી બહાર રહીને અભ્યાસને અપનાવતા થયા છે. શિક્ષણ મંત્રીએ ઉમેર્યું હતું કે, શિક્ષણનો અર્થ માત્ર પરીક્ષા નથી. શિક્ષણ જીવન જીવવાની કળા શીખવે છે ત્યારે પરીક્ષાએ અંતિમ લક્ષ્ય નથી. તેને ધ્યાનમાં લઈને આત્મવિશ્વાસથી તણાવ મુક્ત વાતાવરણમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી જોઈએ.પ્રધાનમંત્રીએ નૈતિકતાની સ્થાપના અને ચેતના સાથે વિદ્યાર્થીઓમાં સકારાત્મક વિચારો આવે તે માટે ''પરીક્ષા પે ચર્ચા'' કાર્યક્રમને માધ્યમ બનાવ્યું છે. આ સાથે મંત્રીએ વાલીઓને બાળક સાથે કુશળ વ્યવહાર કરવા તેમજ વિદ્યાર્થીઓને પરીક્ષાને આનંદથી અવસરરૂપે માણવા માટે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મિલિંદ તોરવણે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એમ.એ. પંડ્યા, કલેક્ટર મેહુલ દવે જિલ્લા વિકાસ અધિકારી બી.જે.પટેલ, આનંદ નિકેતન સ્કૂલના ટ્રસ્ટી વિવેકભાઈ પટેલ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટમાં સગાઈના પ્રસંગમાં તસ્કરો મહેમાન બન્યા

# કારનો કાચ તોડી ૮.૫૦ લાખની ઉઠાંતરી

### મવડી પાળ રોડ પર આવેલા 'ઓતમ પાર્ટી પ્લોટ' પાસે બનાવઃ લોધિકા પોલીસે તપાસ શરૂ કરી



રાજકોટ, તા. ૬
શહેરના મવડી પાળ રોડ પર આવેલ એક પાર્ટી પ્લોટમાં આયોજિત સગાઈના પ્રસંગમાં તસ્કરોએ પોતાનો હાથફેરો કર્યો હોવાની ઘટના સામે આવી છે. શહેરના જાણીતા વેપારીની લક્ઝુરિયસ ઈખઠ કારને નિશાન બનાવી, અજાણ્યા શખ્સોએ ગાડીનો કાચ તોડી અંદરથી સોનાના દાગીના, રોકડ અને કપડાં ભરેલી ચાર બેગોની ચોરી કરી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

રાજકોટના યુનિવર્સિટી રોડ પર આવેલ શિલ્પવન આઈકોન બ્લોક નં. બી-૪૦૨માં રહેતા અને વેપાર સાથે સંકળાયેલા જયેન્દ્રભાઇ રામજીભાઇ આદરોજા (ઉ.વ. ૩૭) ગત તા. ૦૫/૦૨ના રોજ સાંજે પોતાના પરિવાર સાથે મવડી પાળ રોડ પર આવેલા 'ઓતમ પાર્ટી પ્લોટ' માં સગાઈના પ્રસંગમાં ગયા હતા. આ પ્રસંગ પતાવ્યા બાદ તરત જ પરિવારને મોરબી ખાતે એક લગ્ન પ્રસંગમાં જવાનું હોવાથી, તેઓએ ઘરે જવાને બદલે આખા પરિવારનો સામાન, દાગીના અને રોકડ રકમ પોતાની ઈખઠ કાર નંબરઃ જી.જે. ૦૩ એમ.બી. ૦૫૯૬માં જ રાખ્યા હતા. ગાડીને પાર્ટી પ્લોટની બહાર રોડ સાઈડમાં સેન્ડ બેરી ફાર્મના બોર્ડ પાસે સુરક્ષિત રીતે પાર્ક કરવામાં આવી હતી.

સાંજે આશરે સાડા પાંચ વાગ્યે પ્રસંગમાં હાજરી આપવા ગયેલા જયેન્દ્રભાઇ જ્યારે રાત્રે આઠ વાગ્યાની આસપાસ કોઈ કામસર પોતાની ગાડી પાસે પરત ફર્યા, ત્યારે તેમણે જોયું કે તેમની લક્ઝુરિયસ કારની ખાલી સાઈડનો પાછળનો કાચ તૂટેલો હતો. ગાડીની અંદર તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે અંદર રાખેલી બે મોટી ટ્રોલી બેગ અને બે હેન્ડ બેગ ગાયબ હતી. અજાણ્યા તસ્કરોએ અંધારાનો લાભ લઈ ગણતરીના કલાકોમાં જ આ આખી ઘટનાને અંજામ આપ્યો હતો.

ચોરી થયેલ સોના-ચાંદીના દાગીના અને રોકડની વિગતો જોઈએ તો ચોરી થયેલી આ બેગોમાં પરિવારની જીવનભરની કમાણી સમાન કિંમતી ઘરેણાં હતા. જેમાં મુખ્યત્વે જયેન્દ્રભાઇના પત્ની, ભાભી અને બાળકોના અલગ-અલગ ઘાટ અને ડિઝાઈનના ૪ નંગ સોનાના પેન્ડલ સેટ, ૨ નંગ સોનાના ચેઈન (પેન્ડલ સાથે), ૩ નંગ સોનાના બ્રેસલેટ અને અલગ-અલગ માપની નાની-મોટી આશરે ૧૮ નંગ સોનાની વીંટીઓનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત એક સોનાની કિંમતી ઘડિયાળ પણ બેગમાં રાખેલી હતી. આ સોનાના દાગીનાનું કુલ વજન આશરે ૮ થી ૧૦ તોલા જેટલું થાય છે, જેની બજાર કિંમત અંદાજે ૮ લાખ રૂપિયા આંકવામાં આવી છે. આ ઘરેણાંની સાથે સાથે બેગમાં રહેલા ૫૦,૦૦૦ રૂપિયા રોકડા અને પરિવારના તમામ સભ્યોના મોંઘા કપડાં પણ ચોર ચોરી ગયા છે. આમ, કુલ મળીને અંદાજે રૂ. ૮,૫૦,૦૦૦ ની મતાની ચોરી થઈ છે.

આ સમગ્ર મામલે જયેન્દ્રભાઇએ એસ.જી. ગોહિલ સમક્ષ પોતાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ જણાવ્યું છે કે ચોરી થયેલા દાગીના પૈકી અમુક ગિફ્ટમાં મળેલા હતા અને અમુક ખરીદેલા હતા, જેના બિલ તેઓ ટૂંક સમયમાં પોલીસ સમક્ષ રજૂ કરશે. હાલમાં પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને મવડી પાળ રોડ અને પાર્ટી પ્લોટની આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર જાહેર સ્થળોએ પાર્ક કરેલી ગાડીઓની સુરક્ષા સામે સવાલો ઊભા કર્યા છે.


# ઈન્ટરનેટ-ઓનલાઈન ગેમિંગના દુષણમાં વધારો

## ભારતની કુલ ૧૪૦ કરોડની વસ્તીમાંથી ૧૧૮ કરોડ મોબાઈલ સબસ્ક્રાઈબર : ૫૦ કરોડ થી વધુ લોકો સોશ્યલ મીડિયાનો કરે છે ઉપયોગ

રાજકોટ, તા. ૬

''પરીક્ષા પે ચર્ચા ૨૦૨૬'' દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇન્ટરનેટ અને ઓનલાઇન ગેમિંગના વધતા જોખમો અંગે ગંભીર ચેતવણી આપી હતી. ઓનલાઈન જુગાર અને ગેમિંગ એપ્સને કારણે યુવાનોમાં વધી રહેલા માનસિક તણાવ અને નાણાકીય નુકસાનને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રીનું આ સંબોધન મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ગાઝિયાબાદમાં તાજેતરમાં ત્રણ બહેનોના મૃત્યુએ હેડલાઇન્સ બનાવી હતી. ઓનલાઈન ગેમિંગ અને દેવાની જાળમાં ફસાઈને એક સુખી પરિવાર બરબાદ થઈ ગયો હતો. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે ઇન્ટરનેટ બેધારી તલવાર છે. તેનો દુરુપયોગ જીવનને અંધકારમાં ધકેલી શકે છે. ટેકનોલોજી પ્રત્યેની તમારી જવાબદારી સમજો અને ''ડિજિટલ સ્વચ્છતા'' ને તમારા જીવનનો એક ભાગ બનાવો. તેમણે ભાર મૂક્યો હતો કે આજની પેઢીએ સફળતા અને જુગારના શોર્ટકટના પ્રલોભનોથી બચવાની જરૂર છે. ઘણીવાર, બાળકો, ગેમિંગમાં વ્યસ્ત રહેતી વખતે, આવી એપ્સની જાળમાં ફસાઈ જાય છે, જેમાંથી છટકી જવું અશક્ય બની જાય છે. પીએમ મોદીની આ ચેતવણી ફક્ત બાળકો માટે જ નહીં, પરંતુ માતાપિતા માટે પણ જાગૃતિનો સંકેત હતો જેઓ તેમના બાળકોના ડિજિટલ વર્તન પર નજર રાખતા નથી.

''પરીક્ષા પે ચર્ચા ૨૦૨૬'' માં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઇન્ટરનેટ એક મહાસાગર છે, અને જો તમે લાઇફ જેકેટ (સાવધાની) વગર તેમાં પ્રવેશ કરો છો, તો તમે ચોક્કસપણે ડૂબી જશો. તેમણે વિદ્યાર્થીઓને પૂછ્યું કે શું તેઓ ટેકનોલોજીને નિયંત્રિત કરી રહ્યા છે કે ટેકનોલોજી તેમને નિયંત્રિત કરી રહી છે. વડા પ્રધાને ચેતવણી આપી હતી કે ઓનલાઈન ગેમિંગ વ્યસન માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. વડા પ્રધાને જુગાર એપ્લિકેશન્સની આકરી ટીકા કરી હતી. તેમણે પરોક્ષ રીતે ચેતવણી આપી હતી કે, ''કેટલીક એપ્લિકેશનો શરૂઆતમાં તમને સરળતાથી જીતના વચનથી લલચાવે છે, પરંતુ ધીમે ધીમે દેવાના દલદલમાં ફેરવાઈ જાય છે, જેમાંથી બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો બરબાદ થવાનો છે.'' તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે જુગાર ક્યારેય કારકિર્દી ન બની શકે.



''પરીક્ષા પે ચર્ચા ૨૦૨૬'' માં, એક વિદ્યાર્થીએ ગેમિંગમાં રસ વ્યક્ત કર્યો, પરંતુ તેના પરિવારે તેને નાપસંદ કર્યો. પીએમ મોદીએ જવાબ આપ્યો કે ગેમિંગ અને અભ્યાસને સંતુલિત કરવું મહત્વપૂર્ણ છે. જો તમે ગેમિંગમાં કારકિર્દી બનાવવા માંગતા હો, તો તેના માટે એક સોશિયલ મીડિયા પેજ બનાવો. જો તે વધશે, તો તમારા પરિવારની પ્રશંસા થશે. પરીક્ષાઓ પરની આ ચર્ચામાં, વડા પ્રધાને જણાવ્યું હતું કે તેઓ ટેકનોલોજીની વિરુદ્ધ નથી, પરંતુ તેના ''દુરુપયોગ'' ની વિરુદ્ધ છે. તેમણે વિદ્યાર્થીઓને AI અને નવી ટેકનોલોજી શીખવા માટે પ્રોત્સાહિત કર્યા, પરંતુ તેમને શિષ્ટાચાર અને જવાબદારીની મર્યાદા નક્કી કરવા પણ વિનંતી કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભાષણમાંથી મળેલ બોધપાઠ એ છે કે તમારો મોબાઇલ ફક્ત તમારું સાધન હોવું જોઈએ, તમારો માસ્ટર નહીં.

બાળકોને ઓનલાઇન ગેમનું વ્યસન થયું હોય, ૨૦૧૬ થી ૨૦૧૮ વચ્ચે બ્લુ વેલ ગેમે પણ અનેક બાળકોના જીવ લીધા હતા ત્યારબાદ સરકારને તેને બેન કરવી પડી હતી. આ ગેમમાંથી બહાર નીકળવું સરળ નથી. કારણ કે અહીં પ્રેમના નામે બ્લેકમેલિંગ થાય છે. ટાસ્ક ન કર્યો તો હું મને કંઈક થઈ જશે અને આ પ્રકારના માનસિક દબાણ કિશોરોને અંદરથી તોડી નાખે છે.

મોબાઈલ સોશ્યલ મીડિયાના ક્રેઝની વાત કરીએ તો આવો જ એક બીજો બનાવ રાજકોટમાં થયો જ્યારે સોશ્યલ મીડિયા પર રીલ બનાવવાના ચક્કરમાં રેલ્વે ટ્રેક પર ઊભા રહેતા બે લોકોએ જીવ ગુમાવ્યો.આવા અનેક કિસ્સાઓ વાંચતા આવીએ છીએ.

તમારી સાથે મોબાઈલ અને સોશ્યલ મીડિયાની આંકડાકીય માહિતીની વાત કરીએ તો ભારતની કુલ ૧૪૦ કરોડની વસ્તીમાંથી ૧૧૮ કરોડ મોબાઇલ સબસ્ક્રાઈબર છે. ભારતમાં કુલ ૫૦ કરોડ થી વધુ લોકો સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે છે, જેમાંથી ૪.૫ થી ૫ કરોડ લોકો ૧૩ થી ૧૭ વર્ષની ઉંમરના છે. ઑસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષની નીચેની ઉંમર માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો છે, ત્યારે સ્પેઇન, ફ્રાન્સ, નોર્વે અને ડેનમાર્કમાં આગામી સમયમાં લાગુ થશે.

ભારતમાં ૫૧ કરોડ કુલ ગેમર છે જે મોબાઈલ, લેપટોપ, ટેબ્લેટ દ્વારા જોડાયેલા છે, જેમાંથી ૫૦% લોકો ૩૦ વર્ષની નીચેની વયના છે એક સર્વે મુજબ મોટા શહેરોમાં રહેતા ૯-૧૭ વર્ષની વયના બાળકોના ૩ માંથી ૨ વાલીઓએ જણાવ્યું કે તેમના બાળકો સોશિયલ મીડિયા અથવા ઓનલાઈન ગેમિંગના ''વ્યસની'' છે. ભારતમાં ઓનલાઇન ગેમિંગનો ધંધો અંદાજે ૫૦,૦૦૦ કરોડનો છે

# લોકાર્પિત શાળા બાળકોના સ્વપનના ઘર સમાન : મેયર

## વોર્ડ નં.૫માં શાળા નં.૭૨ના નવનિર્મિત બિલ્ડીંગનું ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે લોકાર્પણ





રાજકોટ, તા. ૬

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા નં.૭૨નું રૂ.૨.૭૭ કરોડના ખર્ચે સુવિધાયુક્ત નવનિર્મિત બિલ્ડીંગનું લોકાપર્ણ ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે સ્વામિ વિવેકાનંદ પ્રા.શાળા નં.૭૨, સંસ્કાર વિલાની બાજુમાં, આર્યનગર, સંતકબીર રોડ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ભણશે ગુજરાત, તો આગળ વધશે ગુજરાત' વિઝનને સાકાર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આપણું રાજકોટ શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. આ નવ નિર્મિત શાળા પ્રાઈવેટ સ્કૂલોને ટક્કર મારે તેવી 'સ્માર્ટ સ્કૂલ' છે. આ નવું બિલ્ડિંગ માત્ર સિમેન્ટ-રેતીનું માળખું નથી, પણ આપણા બાળકોના સપનાઓનું ઘર છે. પુરતી હવા ઉજાસ વાળા કુલ ૧૦ વર્ગ ખંડો ડિજિટલ શિક્ષણ માટે કોમ્પ્યુટર લેબની સુવિધા સાથે પ્રાર્થના હોલ, પ્રિન્સીપાલ રૂમ, સ્ટાફ રૂમ, મિટીંગ હોલ, સ્ટોર રૂમની સુવિધા પીવાનું શુદ્ધ પાણી અને સ્વચ્છ શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ પર ખાસ ભાર મૂક્યો છે. શિક્ષકો આ ભવ્ય બિલ્ડિંગને તેમના જ્ઞાન અને સ્નેહથી જીવંત રાખે. અને વાલીઓ તેમના બાળકોને નિયમિત ભણવા મોકલે આ શાળા બિલ્ડીંગના ઉદઘાટક ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આ વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની જેટલી પણ શાળાઓ છે તેને અદ્યતન બનાવી છે. છેલ્લા ખુબ જ ટૂંકા સમયગાળામાં આ ચોથી સ્કુલ છે જેનું નવીનીકરણ કરી લોકાર્પણ કરવામાં આવ્યું છે.

માતા-પિતા પોતાના બાળકોના સારા શિક્ષણ માટે ખુબ જ પરિશ્રમ કરતા હોઈ છે, તેના પરિશ્રમનો મુખ્ય હેતુ માત્ર તેમના સંતાનને સારું શિક્ષણ આપવાના ઉદેશ્ય હોય છે. ક્યારેક આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે વાલીઓ પોતાના બાળકોને સારું શિક્ષણ નથી આપવી શકતા ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બાળકોના સારા શિક્ષણ માટે વિવિધ યોજનાઓ બનાવીને સરકારી શાળાઓ પણ અદ્યતન બનાવી છે. જેમાં સારું શિક્ષણ, સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે બાળકોને સારું જ્ઞાન મળે છે. ખરા અર્થમાં સારું શિક્ષણ, વિદ્યા, જ્ઞાન જ એક સારા માણસની મૂડી છે. દુનિયાના કોઈપણ સ્થળે માણસ હશે જો તેને સારું શિક્ષણ આપવામાં આવ્યું હશે તો તે ક્યાય પાછો નહિ પડે.

તેમણે કહ્યું હતું કે, હવે સરકારી શાળાઓ પણ ખુબ જ વિશાળ અને આધુનિક યુગના ટેક્નોલોજી આધારિત સુવિધાયુક્ત બનાવવામાં આવી રહી છે. આ તકે ફરી એક વાર રાજકોટ મહાનગરપાલિકા અને શિક્ષણ સમિતિનો આભાર માનું છું.

આજના કાર્યક્રમમાં શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શાબ્દિક સ્વાગત શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. ખાદીના રૂમાલ અને પુષ્પ વડે સ્વાગત બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા અને માધ્યમિક અને આનુષાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ જ શાળામાં અભ્યાસ કરી પોતાની કારકિર્દી બનાવનાર વિદ્યાર્થીઓનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ જ શાળાના નિવૃત આચાર્યનું પણ ઉપસ્થિત મહાનુભાવોએ સન્માન કર્યું હતું, કાર્યક્રમના અંતે આભાર વિધિ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા દ્વારા કરવામાં આવ્યું હતું.

# મનપાની ફાયર સહિત ઈમરજન્સી સેવાના ફોન બંધ

## ફરિયાદનો કમ્પલેન નંબર પણ બંધ હાલતમાંઃ ઈમરજન્સી સેવા માટે અધિકારીઓનાં નંબર જાહેર

રાજકોટ, તા.૬

રાજકોટ મહાપાલિકામાં પ્રાથમિક સેવાઓ સામે ફરિયાદ નોંધતી સૌથી સફળ સેવા કોલ સેન્ટરનો ફોન નંબર (૧૫૫૩૦૪) છેલ્લા ત્રણ-ચાર દિવસથી ખોટકાઇ જતા અને બીએસએનએલ સર્વરમાં કોઇ મુશ્કેલીના કારણે મુર્છિત જેવો બની જતા હવે ફરિયાદ સ્વીકારતા નંબરની ફરિયાદ કયાં કરવી એ પ્રશ્ન ઉભો થયો છે. બીજી તરફ આવશ્યક સેવા ફાયર બ્રિગેડ તંત્ર દ્વારા ઇમરજન્સી માટે વૈકલ્પિક નંબરો પણ જાહેર કરવામાં આવ્યા છે.




દર વર્ષે ડ્રેનેજ, પાણી, સફાઇ, સ્ટ્રીટ લાઇટ સહિતની ત્રણ લાખ મળી ચારેક લાખ ફરિયાદો નાગરિકો આ કોલ સેન્ટરમાં નોંધાવે છે. ત્રણ-ચાર દિવસથી આ કોલ સેન્ટરનો ફોન નંબર ખોટકાઇ ગયો છે. અનેક વખત અલગ અલગ મોબાઇલ કંપનીના નંબરમાંથી ફોન કરતા સાથે જ કોલ ડ્રોપ (એન્ડેડ) દેખાડે છે.

બે દિવસથી કયારેક અમુક નેટવર્કમાંથી ફોન લાગે છે. પરંતુ મોટા ભાગે ફોન કટ થઇ જાય છે. આ અંગે અધિકારીઓ સુધી ફરિયાદ પહોંચતા તાત્કાલીક બીએસએનએલ કંપનીમાં જાણ કરી છે. પરંતુ આજે બપોર સુધી પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી.

દરમ્યાન આ હાલતમાં ફાયર બ્રિગેડે તો વૈકલ્પિક નંબર પણ જાહેર કર્યા છે. ગઇકાલે બીએસએનએલની સેવા અચાનક ઠપ્પ થતા ફાયર વિભાગના તમામ ફોન મુંગા થઇ જતા ફાયર વિભાગે આગની દુર્ઘટના તેમજ અન્ય સેવા માટે અલગ અલગ ફાયર ઓફિસર સહિતનાના પ્રાઇવેટ મોબાઇલ નંબર જાહેર કરવાની ફરજ પડી છે.

ડ્રેનેજ, રોડ રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઇટ સહિતની ફરિયાદો માટે ૧૫૫૩૦૪ નંબર એકટીવ છે. પરંતુ ચારેક દિવસથી નંબર લાગતા નથી. બીએસએનએલ દ્વારા નાના મવા સાઇટ પર કેબલ રીપેરીંગ કામગીરી દરમ્યાન અમુક વિસ્તારોમાં સેવાઓ ઠપ્પ થતા ફાયર વિભાગના તમામ ફોન મુંગા થઇ જતા અન્ય વૈકલ્પિક નંબર જાહેર કરાયા છે. લોકોને ઇમરજન્સી માટે આ નંબરનો ઉપયોગ કરવા જણાવાયું છે.

ગઇકાલે ફાયર વિભાગે અકસ્માત અને જરૂરીયાત સમયે હવે કંટ્રોલ રૂમ નં.૯૪૨૯૯ ૦૩૨૬૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે. ઉપરાંત, ફાયર વિભાગના જવાબદાર અધિકારીઓના મોબાઈલ નંબર ૭૦૯૬૪ ૩૩૮૩૨/ ૮૧૫૦૦૦૦૯૮/ ૮૩૪૭૦ ૨૯૧૨૩/ અને ૯૯૨૫૧૫૨૬૦૪ ઉપર સંપર્ક કરી શકાશે તેમ જાહેર કરાયું છે.

# લગ્ન ગાળાથી ડાને ૪ કરોડની આવક

## પ્રતિ દિવસની હાવક ૭૦ લાખને પાર : શિવરાત્રી નિમિત્તે ૩૦૦ થી વધુ બસ સૌરાષ્ટ્ર તથા અમદાવાદ રૂટ ઉપર દોડાશે

રાજકોટ, તા. ૬

મળતી માહિતી મુજબ કમુર્તા ઉતરતાની સાથે જ લગ્નગાળાની સીઝન સામે આવી હતી અને ઘણા ખરા લગ્ન આમ મહિનાઓમાં યોજાયા જેમાં મોટી સંખ્યામાં લોકો પ્રસંગમાં સહભાગી થવા એસટી નો સહારો લીધો હતો તો સામે લગ્ન ગાળાની સિઝનને ધ્યાને લઈ એસટી નિગમ એ અનેક નવા રૂટ ઉપર બસો દોડાવી હતી. પરિણામ સ્વરૂપે એસટી વિભાગની આવક ને પણ ચાર ચાંદ લાગ્યા છે લગ્ન ગાળાની સિઝન દરમિયાન રાજકોટ એસટી વિભાગે ચાર કરોડથી વધુની આવક કરી હોવાનું હાલ સામે આવ્યું છે અને પ્રતિ દિવસની આવક ૭૦ લાખથી વધુની નોંધાય છે.

છેલ્લા એક સપ્તાહથી સૌરાષ્ટ્રભરમાં લગ્ન ગાળાની સીઝન પુરબહારમાં ખીલી છે જેનો સીધો લાભ એસટી વિભાગને પણ થઈ રહ્યો છે. છેલ્લા એક સપ્તાહથી રાજકોટ બસ પોર્ટ સહિત વિભાગના તમામ ડેપો ઉપર મુસાફરોનો ભારે ટ્રાફીક નજરે પડી રહ્યો છે. આથી રાજકોટ એસટી વિભાગની આવકમાં પણ નોંધપાત્ર ઉછાળો થવા પામ્યો છે.



મળતી માહિતી મુજબ પ્રતિદિવસે રાજકોટ એસટી વિભાગ દ્વારા ૭૦ લાખથી વધુની આવક કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે જેથી એક સપ્તાહ દરમિયાન ચાર કરોડથી વધુ ની આવક પણ થઈ છે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ છેલ્લા એક સપ્તાહમાં મોટાભાગના રૂટની જે બસ છે તે હાઉસફૂલ થઈ ચૂકી છે અને હજુ પણ આ તમામ બસોમાં ટ્રાફિક પૂરતો જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને લગ્નગાળાની સીઝનના પગલે રાજકોટથી અમદાવાદ, જામનગર, જુનાગઢ, ભાવનગર અને અમરેલી સહિતના જુદા જુદા રૂટોની બસો ચીકકાર દોડી રહી છે. એસટી વિભાગના સુત્રો અનુસાર ખાસ કરીને રાજકોટની આસપાસના ગ્રામ્ય રૂટોની બસોમાં લગ્નગાળાનો ટ્રાફીક વધુ દેખાઈ રહ્યો છે. તો લોંગ રૂટોની બસોમાં પણ એડવાન્સ બુકિંગનો ધસારો છે. એસટી વિભાગ દ્વારા એસટીની સુવિધા સોચારો રૂપથી લોકોને મળતી રહે અને સુવિધાઓનો લાભ મુસાફરો મેળવે તે હેતુસર હાલ તમામ પ્રકારના પગલાઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આવનારા દિવસોમાં પણ આ અંગે હજુ વિશેષ સુવિધા ઉભી કરવામાં આવે તે પ્રકારનું આયોજન પણ કરવામાં આવ્યું છે. બીજી મહત્વની વાત એ છે કે મહાશિવરાત્રી પર્વ નિમિત્તે જુનાગઢ ખાતે ઐતિહાસિક મેળો યોજાતો હોય છે અને સમગ્ર રાજ્યમાંથી લોકો જુનાગઢ ઉમટી પડે છે ત્યારે ખાસ એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે અને રાજકોટ અને જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર ભરમાંથી જે મહાશિવરાત્રીના મેળામાં મુસાફરો આવતા હોય તેઓને કોઈ હાલાકી ન ભોગવી પડે તે માટેનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

એસટી વિભાગ દ્વારા જે વિગતો મળી રહી છે તે મુજબ ૧૧ થી મહાશિવરાત્રી મેળા અંતર્ગત જુનાગઢ એસટી વિભાગ દ્વારા ૩૩૦ જેટલી એક્સ્ટ્રા બસ સૌરાષ્ટ્ર સહિત અમદાવાદના રૂટ ઉપર દોડાવવાનું નક્કી કર્યું છે ત્યારે આ હર્ષામાં પણ એસટી વિભાગને ઘણી ખરી આવક થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

# જન્મ-મરણ પ્રમાણપત્રની કામગીરી આજે બંધ રહેશે

રાજકોટ, તા. ૬

આજરોજ જન્મ-મરણની કામગીરી માટેનું સી.આર.એસ. વેબ પોર્ટલમેન્ટેનન્સના કારણે બંધ રહેવાનું હોય સી.આર.એસ. પોર્ટલને સંબંધિત જન્મ-મરણ પ્રમાણપત્રને લગત સેવાઓ આજરોજ સંપૂર્ણ બંધ રહેશે તેવું મનપાએ પ્રજાજોગ સંદેશમાં જાહેર કર્યું છે.

# મનપાના ફેસ ડિટેકશન મશીનમાં ગોલમાલ

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના ૪૫ અધિકારીઓને નોટિસઃ ખુલાસો પુછાયો

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાપાલિકામાં કર્મચારીઓ અને અધિકારીઓ નિયમ મુજબ સમયસર ફરજ પર હાજર રહે, લોકોને ઓફિસ અવર્સ દરમ્યાન મળી શકે તેવી શિસ્ત સહિતની બાબતો ધ્યાનમાં રાખી વર્ષો પહેલા હાજરી માટેના ફેસ ડિટેકશન મશીન મુકવામાં આવ્યા છે. પરંતુ સફાઇની કામગીરીનું સુપરવિઝન કરતા સોલીડ વેસ્ટ અધિકારીઓ તેમની ફરજના સ્થળ સિવાય અન્ય જગ્યાએ હાજરી પુરતા હોવાનું ધ્યાને આવતા અધિકારી અને કર્મચારી કક્ષાના ૪૫ જેટલા અધિકારીઓને પર્યાવરણ ઇજનેરે ખુલાસો પૂછતી કારણદર્શક નોટીસ આપ્યાનું બહાર આવ્યું છે. ત્રણ દિવસમાં એસ.આઇ, એસ.એસ.આઇ અને સેનીટેશન ઓફિસર્સને ખુલાસો કરવા તાકીદ કરવામાં આવી છે. અન્યથા કડક કાર્યવાહી કરાશે.

મનપામાં ફિલ્ડ કામગીરીમાં રહેતા કર્મચારીઓ અને અધિકારીઓને તેમના ફરજના સમયે નિયત જગ્યાની બદલે અન્યત્ર કામમાં હોય ત્યારે કોઇ પણ ઓફિસે ડિજીટલ હાજરી પુરવા વ્યવસ્થા રાખવામાં આવી છે.

પરંતુ માત્ર સોલીડ વેસ્ટ નહીં પણ અનેક શાખાના કર્મચારીઓ અને અધિકારીઓ ઘર કે અન્ય કામથી નજીક પડે તે ઓફિસે ડિજીટલ હાજરી પુરાવતા હોવાની અવારનવાર ફરિયાદ આવે છે. તેમાં તાજેતરમાં પુરા થયેલા જાન્યુઆરી મહિનામાં અન્યત્ર હાજરી પુરનારા સોલીડ વેસ્ટ અધિકારીઓનું લીસ્ટ બનાવવામાં આવ્યું હતું.



કોર્પો.માં કર્મચારીઓ સમયસર હાજર થાય તે માટે ફેસ ડિટેકશન મશીન મુકવામાં આવ્યા છે. ફિલ્ડ વર્કમાં જતા એસઓ, એસઆઇ અને એસએસઆઇ તેમજ એઆઇ સહિતના અધિકારીઓ તથા કર્મચારીઓએ પોતાની હેડઓફિસ ખાતે અથવા વોર્ડ ઓફિસ ખાતે હાજરી પુરાવી ફરજિયાત છે.

છેલ્લા ઘણા સમયથી અમુક એસ.ઓ, એસ.આઇ અને એસ.એસ. આઇ અન્ય વોર્ડમાં હાજરી પુરાવી પોતાના વોર્ડમાં હાજર થતા હોય છે. સવારે ૬ વાગ્યે બધાના રીપોર્ટીંગ હોય છે. પરંતુ તેમાં અનિયમિતતાની ફરિયાદ આવતા કમિશ્નરની સુચનાથી પર્યાવરણ ઇજનેરે ૪૫ જેટલા એસઓ, એસઆઇ અને એસએસઆઇને શો-કોઝ નોટિસ પાઠવી જવાબ માંગવામાં આવતા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ કર્મચારીઓ તેમને વોર્ડ વિસ્તારની સફાઇ લક્ષી કામગીરીનું સુપરવિઝન કરવાની કામગીરી સોંપવામાં આવી છે. તેઓને કાર્યસ્થળ પર લગાવેલ હાજરી માટેના ફેસ ડિટેકશન મશીનમાં હાજરી કરવાની હોય છે. પરંતુ ગત જાન્યુઆરીમાં અનેક અધિકારીઓએ કાર્યસ્થળ સિવાય હાજરી અન્ય જગ્યાએ પુર્યાનું ધ્યાને આવ્યું હતું. આથી શા કારણોસર અન્ય જગ્યાએ હાજરી કરવામાં આવેલ છે તેનો ખુલાસો પુછીને આગળની કાર્યવાહી કરવા વોર્નિંગ અપાઇ છે.


દરમ્યાન આ નોટીસ વચ્ચે મનપાની ત્રણેય ઝોનલ કચેરી ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીઓને બપોરના સમયે જમવા માટે અડધા કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે. બપોર ૨.૩૦થી ૩ દરમ્યાન લંચ ટાઇમ હોય છે. પરંતુ અનેક કર્મચારીઓ અને અધિકારીઓ દોઢ બે વાગ્યાથી ચાર-સાડા ચાર સુધી દેખાતા નથી. નાગરિકો રાહ જોઇને બેઠા હોય છે.

આથી ઇન્ડોર એટલે કે ઓફિસમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીઓના લંચ અવર્સ સહિતની કલાકોની પણ કમિશ્નરે ચકાસણી કરાવવી જોઇએ તેવો સુર વ્યકત થયો છે. હાલમાં સવારે ૧૦.૩૦એ આવવા સમયે અને સવા છ વાગ્યે નીકળવાના સમય વચ્ચેની અવરજવરની કોઇ નોંધ થતી નથી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ગરમી ચઢી

## આડેધડ વિકાસ અને નિંભર તંત્રની કૃપાથી રાજકોટ ગરમા ગરમ થયું



રાજકોટમાં શિયાળાની વિદાય પૂર્વે જ ઉનાળાએ દસ્તક દીધી છે. ફેબ્રુઆરીની શરૂઆતમાં જ તાપમાનનો પારો ૩૪ ડિગ્રીને પાર કરી ગયો છે. ૬ ફેબ્રુઆરીના રોજ રાજકોટ ગુજરાતનું સૌથી ગરમ શહેર નોંધાયું હતું. આ આંકડા ગંભીર ચિંતાનો વિષય છે. હજુ ઠંડીની મોસમ પૂરી થઈ નથી ત્યાં લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. આ પરિસ્થિતિ સૂચવે છે કે આગામી ઉનાળો અત્યંત આકરો અને કષ્ટદાયક રહેશે.

આ અકાળે વધતી ગરમી પાછળ મુખ્યત્વે વાયુ પ્રદૂષણ જવાબદાર છે. શહેરમાં વાહનોની સંખ્યા સતત વધી રહી છે. ઉદ્યોગોમાંથી નીકળતો ધુમાડો વાતાવરણને ઝેરી બનાવી રહ્યો છે. હવામાં કાર્બનનું પ્રમાણ વધતા ગરમી પકડાઈ રહી છે. આ ઉપરાંત, આડેધડ કપાતા વૃક્ષો અને વધતું કોંક્રિટનું જંગલ પણ તાપમાનમાં વધારો કરે છે. ગ્રીનહાઉસ અસરે રાજકોટના હવામાનનું સંતુલન બગાડી નાખ્યું છે.

રાજકોટ માટે હવે માત્ર વધતી ગુન્હાખોરી જ ચિંતાનો વિષય નથી. હવામાનમાં આવતા આ બદલાવ પણ મોટા પડકાર સમાન છે. પ્રદૂષિત હવા લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરી રહી છે. શ્વાસના રોગો અને હીટવેવ જેવી સમસ્યાઓ ભવિષ્યમાં વિકરાળ બનશે. તેમ છતાં, જવાબદાર તંત્ર હજુ પણ નિષ્ક્રિય દેખાઈ રહ્યું છે. પર્યાવરણના જતન માટે કોઈ નક્કર આયોજન દેખાતું નથી. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને કોર્પોરેશન આ બાબતે આરામમાં હોય તેવું લાગે છે.

જો હજુ પણ જાગૃતિ નહીં આવે, તો રાજકોટમાં રહેવું અઘરું બની જશે. માત્ર એસી રૂમમાં બેસી રહેવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે. તંત્રએ પ્રદૂષણ ઘટાડવા કડક નિયમો લાવવા પડશે. સામાન્ય જનતાએ પણ વધુમાં વધુ વૃક્ષો વાવી પર્યાવરણને બચાવવું પડશે. કુદરત અત્યારે ચેતવણી આપી રહી છે. જો આ ચેતવણીને ગંભીરતાથી લેવામાં નહીં આવે, તો આગામી મે મહિનામાં ગરમીના તમામ રેકોર્ડ તૂટી શકે છે. રાજકોટને સુરક્ષિત રાખવા માટે ગુનાખોરી સામેની લડતની સાથે પર્યાવરણની રક્ષા પણ અનિવાર્ય છે.

તંત્ર હજુ એસીની બહાર નહિ નીકળે તો આખો ઉનાળો રાજકોટવાસીઓએ એસીમાં ઢબૂરાઇ રહેવું પડશે.

# સમય વ્યવસ્થાપન એ સૌથી મોટો મંત્ર : PM

## વિદ્યાર્થીઓ સાથે આયોજિત 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી મોદીએ તણાવમુક્ત જીવન, સમય વ્યવસ્થાપન, શિસ્ત, જીવન કૌશલ્ય અને વ્યાવસાયિક વિકાસ માટે મહત્વપૂર્ણ મંત્રો આપ્યા

નવીદિલ્હી, તા. ૬

શુક્રવારે દેશભરમાં ''પરીક્ષા પે ચર્ચા'' કાર્યક્રમ યોજાયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા, તેમની સાથે વાતચીત કરી અને પરીક્ષા સંબંધિત તણાવ અને શંકાઓનું નિરાકરણ કર્યું. કાર્યક્રમ દરમિયાન, મધ્યપ્રદેશના જબલપુર સ્થિત ઉત્કૃષ્ટ વિદ્યાલયના વિદ્યાર્થી આયુષ તિવારીએ પ્રધાનમંત્રીને પૂછ્યું કે તેઓ ક્યારેક શિક્ષકોની શિક્ષણ ગતિ સાથે તાલમેલ રાખવામાં કેવી રીતે સંઘર્ષ કરે છે. જવાબમાં, પ્રધાનમંત્રી મોદીએ વિદ્યાર્થીઓને સલાહ આપી અને શિક્ષકોને વિનંતી કરી કે તેઓ તેમની શિક્ષણ ગતિને વિદ્યાર્થીઓની શીખવાની ગતિ સાથે મેળ ખાય. ''પરીક્ષા પે ચર્ચા'' દરમિયાન, તેમણે વિદ્યાર્થીઓ સાથે પાઠ યોજનાઓ અગાઉથી શેર કરવાની અને વિદ્યાર્થીઓને વર્ગખંડમાં જે પ્રકરણો ભણાવશે તે વાંચવા અને અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે શિક્ષકોની ગતિ સાથે તાલમેલ રાખવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે પહેલા તમારા પોતાના મનને કેળવો, પછી તમારા મનને જોડો, અને પછી વિષયનો અભ્યાસ શરૂ કરો. તેમણે કહ્યું કે તમારા મનને કેળવવાનો અર્થ એ છે કે વિષય વિશેની બધી માહિતી એકત્રિત કરવી, અને તેને એકીકૃત કરવાનો અર્થ એ છે કે એકાગ્રતા જાળવી રાખવી. આ તમારી સમજને મજબૂત બનાવશે અને તમને એક ડગલું આગળ લઈ જશે.



૨૦૧૮ થી, પ્રધાનમંત્રી મોદી ''પરીક્ષા પે ચર્ચા'' કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે પરીક્ષાના તણાવને દૂર કરવા માટે વાર્તાલાપ કરી રહ્યા છે. આ વર્ષે આ કાર્યક્રમનું ૯મું સંસ્કરણ હતું. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ દેશભરના વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા. આ કાર્યક્રમનું વિવિધ મીડિયા ચેનલો પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ''પરીક્ષા પે ચર્ચા'' કાર્યક્રમ દરમિયાન, શાળા શિક્ષણ મંત્રી ઉદય પ્રતાપ સિંહે નરસિંહપુર જિલ્લાની તેંદુખેડા કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓ સાથે પ્રધાનમંત્રી મોદીના પરીક્ષા મંત્રને શેર કર્યો. તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવના નેતૃત્વ હેઠળ, રાજ્યનો શાળા શિક્ષણ વિભાગ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર શિક્ષણની ગુણવત્તા સુધારવા, શિસ્તને મજબૂત બનાવવા અને ભવિષ્ય માટે વિદ્યાર્થીઓને સજ્જ કરવા માટે સતત કામ કરી રહ્યું છે.

તેમણે કહ્યું કે જે લોકો પોતાના સમયનું સારી રીતે સંચાલન કરે છે તેઓ જીવનમાં ક્યારેય નિષ્ફળ જતા નથી. સમય શિસ્ત શીખવે છે, અને શિસ્ત સાથે જીવેલું જીવન સફળતાનું સાચું લક્ષણ છે. જ્યાં સુધી કોઈ અશક્યને પ્રાપ્ત કરવાનો પ્રયાસ ન કરે ત્યાં સુધી અસાધારણ સિદ્ધિઓ અશક્ય છે. ભોપાલમાં સરકારી સુભાષ સ્કૂલ ઓફ એક્સેલન્સ ખાતે રાજ્ય સ્તરીય કાર્યક્રમ ''પરીક્ષા પે ચર્ચા'' યોજાયો હતો. શાળા શિક્ષણ વિભાગના સચિવ ડૉ. સંજય ગોયલ, મહાનુભાવો, વરિષ્ઠ અધિકારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે જીવંત પ્રસારણમાં ભાગ લીધો હતો. જાહેર શિક્ષણ નિયામક શ્રી કે.કે. દ્વિવેદી અને કાર્યક્રમના નોડલ અધિકારી, સંયુક્ત નિયામક શ્રી એચ.એન. નેમા પણ હાજર રહ્યા હતા.

''પરીક્ષા પે ચર્ચા'' કાર્યક્રમનું આયોજન રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (SCERTS), તમામ જિલ્લા શૈક્ષણિક તાલીમ સંસ્થાઓ (DIETS), અને રાજ્યભરની તમામ સરકારી, બિન-સરકારી અને સરકારી સહાયિત શાળાઓમાં ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક જીવંત પ્રસારણમાં ભાગ લીધો હતો. ટીવી પ્રસારણ ઉપરાંત, રાજ્યભરની શાળાઓએ ઈન્ટરનેટ ઍક્સેસ ઉપકરણો (કમ્પ્યુટર, લેપટોપ, વગેરે) પર કાર્યક્રમ જોવાની સુવિધાઓ પણ પૂરી પાડી હતી. ''પરીક્ષા પે ચર્ચા'' કાર્યક્રમ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ પ્રસારિત કરવામાં આવશે, જ્યાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દેશના વિવિધ પ્રદેશોના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યાથી વિવિધ મીડિયા ચેનલો પર પ્રસારિત કરવામાં આવશે. રાજ્યની શાળાઓમાં આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# યુપીમાં SIR જીવન ફરી લંબાયું

## હવે અંતિમ મતદારોની યાદી ૧૦ એપ્રિલે બહાર પાડવામાં આવશે

રાજકોટ, તા. ૫

ઉત્તર પ્રદેશમાં મતદાર યાદી માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાની અંતિમ તારીખ ફરી એકવાર લંબાવવામાં આવી છે. ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીએ શુક્રવારે આ મુદત લંબાવવાની જાહેરાત કરતા કહ્યું કે તેને વધુ એક મહિના માટે લંબાવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે ઘણા પક્ષો SIR અંગે લંબાવવાની માંગ કરી રહ્યા હતા. અંતિમ મતદાર યાદી હવે ૧૦ એપ્રિલે જાહેર કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ આજે જાહેરાત કરી કે ઉત્તર પ્રદેશમાં SIR અંગે દાવા અને વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ ફરી એક મહિના માટે લંબાવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે ૫ ફેબ્રુઆરી સુધીમાં ૮૨,૬૮૪ ફોર્મ-૭ સબમિટ કરવામાં આવ્યા હતા અને ૬ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી દરમિયાન ૩,૭૮૦,૪૧૪ ફોર્મ-૬ સબમિટ કરવામાં આવ્યા હતા. તેવી જ રીતે, વિદેશમાંથી ૧,૦૭૩ અરજીઓ મળી હતી. તેમણે જણાવ્યું કે ૫ ફેબ્રુઆરીએ સૌથી વધુ ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા, તે દિવસે ૩૦૦,૦૦૦ થી વધુ ફોર્મ પ્રાપ્ત થયા હતા. SIR સમયમર્યાદા લંબાવવા અંગે, નવદીપ રિનવાએ જણાવ્યું હતું કે ૨૭ જાન્યુઆરીના રોજ રાજકીય પક્ષો સાથેની બેઠક દરમિયાન, નવેસરથી લંબાવવાની માંગ કરવામાં



આવી હતી, અને બધાએ સંમતિ આપી હતી કે સમય લંબાવવો જોઈએ. તેથી, આ સમયમર્યાદા એક મહિના માટે લંબાવવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે દાવાઓ અને વાંધાઓ માટે સમયમર્યાદા એક મહિના માટે લંબાવવામાં આવી છે. નોટિસનો જવાબ આપવા અને તેની ચકાસણી કરવાની સમયમર્યાદા એક મહિના માટે લંબાવવામાં આવી છે. ફોર્મ ૬, ૭ અને ૮ હવે ૬ માર્ચ સુધી સબમિટ કરી શકાય છે. નોટિસ સુનાવણી પ્રક્રિયા ૨૭ માર્ચ સુધી ચાલુ રહેશે. મેપિંગ પૂર્ણ કરી શકાય છે અને નોટિસના જવાબો ૨૭ માર્ચ સુધી સબમિટ કરી શકાય છે. અંતિમ મતદાર યાદી ૧૦ એપ્રિલના રોજ પ્રકાશિત કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા ડેટામાં જણાવાયું છે કે ઉત્તર પ્રદેશમાં SIR પ્રક્રિયા હેઠળ ડ્રાફ્ટ મતદાર યાદીમાં મતદારોની સંખ્યા અત્યાર સુધી ૧૨૫,૫૫૬,૦૨૫ હતી. આમાંથી, ફોર્મ ૬ એ ૫૪૩૭,૮૫૦ સબમિટ કર્યા છે, જ્યારે ફોર્મ ૭ એ ૧૩૩,૬૫૦ સબમિટ કર્યા છે. BLA દ્વારા સબમિટ કરાયેલા ફોર્મ ૬ ની સંખ્યા ૩૭,૭૮૯ હતી, જ્યારે સામાન્ય નાગરિકો દ્વારા સબમિટ કરાયેલા ફોર્મ ૬ અને ૬અ ની સંખ્યા ૩,૭૮૧,૪૮૭ હતી.

ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થયા પછી સબમિટ કરાયેલા ફોર્મ ૬ ની કુલ સંખ્યા ૩,૮૧૯,૨૭૬ હતી, જ્યારે ડ્રાફ્ટ જાહેર થયા પહેલા સબમિટ કરાયેલા ફોર્મ ૬ ની સંખ્યા ૧,૬૧૮,૫૭૪ હતી. ૪ ફેબ્રુઆરી સુધીમાં, સબમિટ કરાયેલા ફોર્મ ૬ ની કુલ સંખ્યા ૫,૪૩૭,૮૫૦ હતી. SIR ની સમયમર્યાદા લંબાવવા અંગે, નવદીપ રિનવાએ જણાવ્યું હતું કે ૨૭ જાન્યુઆરીએ રાજકીય પક્ષો સાથેની બેઠક દરમિયાન, લંબાવવાની માંગ કરવામાં આવી હતી, અને બધા સંમત થયા હતા કે સમય લંબાવવો જોઈએ. તેથી, લંબાવવામાં આવેલ સમય એક મહિના માટે લંબાવવામાં આવ્યો છે.

# પોલેન્ડના ભારત સાથે ખૂબ સારા સંબંધો

## પોલેન્ડના નાયબ વિદેશ પ્રધાન અને રાજ્ય સચિવ, વાલાદિસ્લાવ બાર્ટોસેવસ્કી આવશે ભારત



નવીદિલ્હી, તા. ૬

પોલેન્ડના નાયબ વિદેશ પ્રધાન અને રાજ્ય સચિવ, વાલાદિસ્લાવ બાર્ટોસેવસ્કી, અનેક વૈશ્વિક પડકારો વચ્ચે ભારતની મુલાકાતે આવી રહ્યા છે. બાર્ટોસેવસ્કીએ જણાવ્યું હતું કે પોલેન્ડના ભારત સાથે ખૂબ સારા સંબંધો છે. પીએમ મોદીની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ પુતિન સાથે વાત કરી હતી અને તેમને યુક્રેનમાં વ્યૂહાત્મક પરમાણુ ઉપકરણોનો ઉપયોગ કરતા અટકાવ્યા હતા. ભારતે વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તે ચાલુ રાખશે. ઈઅગજ સાથેની એક મુલાકાતમાં, નાયબ વિદેશ પ્રધાન વાલાદિસ્લાવ બાર્ટોસેવસ્કીએ કહ્યું, ''આપણા ભારત સાથે ખૂબ સારા સંબંધો છે, અને અમે ચોક્કસપણે વિશ્વમાં ભારતની ભૂમિકાને ઓળખીએ છીએ. મેં અગાઉ નવી દિલ્હીમાં એક મુલાકાતમાં ઉલ્લેખ કર્યો હતો કે વડા પ્રધાન (નરેન્દ્ર મોદી) એ ૨૦૨૨ ના અંતમાં રાષ્ટ્રપતિ પુતિન સાથે વાત કરી હતી અને તેમને યુક્રેનમાં વ્યૂહાત્મક પરમાણુ ઉપકરણોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરતા અટકાવ્યા હતા.''

ભારતની વૈશ્વિક ભૂમિકા અંગે, તેમણે કહ્યું, ''તે એક સકારાત્મક ભૂમિકા હતી જે પીએમ મોદીએ ભજવી હતી, અને ભારત વિશ્વ બાબતોમાં ભજવે છે, અને મને આશા છે કે આ ચાલુ રહેશે.'' વ્લાદિસ્લાવ બાર્ટોસેવસ્કીએ કહ્યું કે ભારત અને પોલેન્ડ ''મિત્રો'' છે અને સંભવિત સંયુક્ત સાહસો અથવા મોટા શસ્ત્રોની ખરીદી સહિત તેમના સંરક્ષણ સહયોગને વિસ્તૃત કરવા માંગે છે. બાર્ટોસેવસ્કીની નવી દિલ્હીની ત્રણ દિવસની મુલાકાત ૧૯ જાન્યુઆરીએ દિલ્હીમાં વિદેશ મંત્રી એસ. જયશંકર અને પોલેન્ડના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન રાડોસ્લાવ સિકોર્સ્કી વચ્ચેની મુલાકાતના થોડા દિવસો પછી આવી છે, જોકે તે સમયે બંને દેશો વચ્ચેના સંબંધો થોડા તણાવપૂર્ણ દેખાતા હતા.

જો તમે ભારત સાથે વાત કરો છો, જે એક મિત્ર દેશ છે જેની સાથે અમારો વ્યૂહાત્મક કરાર છે, તો આપણે એવા મુદ્દાઓ પર ચર્ચા કરી શકીએ છીએ જે આપણને ચિંતા કરે છે, અને ભારત એવા મુદ્દાઓ શેર કરી શકે છે જે આપણને ચિંતા કરે છે. મારો મતલબ છે કે મિત્રો વચ્ચે તે સામાન્ય છે. તેમણે ઉમેર્યું, ''આપણા સંરક્ષણ ક્ષેત્રો વચ્ચે કાર્યકારી જૂથ માટે એક કરાર છે, અને અમે હવે બેઠકોનું આયોજન કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, જે સરકારી સ્તરે, લશ્કરી સ્તરે અને પછી સંરક્ષણ ઉદ્યોગ સ્તરે હશે.'' ''તેથી અમે આ ત્રણેયનો સમાવેશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, આ વર્ષે સંરક્ષણ ખર્ચ માટે અમારી પાસે ૪૪ બિલિયન યુરો વધારાના નાણાં ઉપલબ્ધ છે. અમે ભારત સાથે સાયબર સુરક્ષા સહયોગ પર સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કરવા માંગીએ છીએ.''

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ સુંદરકાંડ. (ભાગ ૪)

### હનુમાનજી લંકિની ને માથે મુષ્ઠિકા પ્રહાર કરીને કયો અને કેવો સત્સંગ કરાવે છે?



માનસ સુંદરકાંડનાં ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, સુંદરકાંડની બે મુખ્ય ઘટનામાં એક સિંહિકા વાળી ઘટના, કે જેમાં હનુમાનજી અતિ વિરાટ રૂપ લઈ જળ ઉપરથી ઉડાન ભરી રહ્યા છે, ત્યારે છાયા પકડાઈ ગઈ, અને હનુમાનજીને પાડવાની કોશિશ કરી. લંકામાં પ્રવેશ કરવા માટે હનુમાનજીએ અતિ લઘુરૂપ ધારણ કર્યું, અને છતાં પકડી પાડ્યાં! આનો અર્થ શું કરીશું! આપણે જ્યારે મોટા થઈએ છીએ, ત્યારે દુનિયા આપણને પાડવાની કોશિશ કરે છે, અને નાના થઈ જઈએ, તો દુનિયા ખાઈ જવાની કોશિશ કરે, માટે વચ્ચેનો રસ્તો કાઢો.

ફરી પાછા સુંદરકાંડનો દોર પકડતાં કહ્યું કે હનુમાનજીએ લંકામાં પ્રવેશ કરવાં અતિ લઘુરૂપ ધારણ કર્યું, છતાં એને રોકી લીધાં કે મારો અનાદર કરીને તું ક્યાં જાય છે! ખબરદાર તું ગમે એટલો નાનો થઈશ, તો પણ હું તને ખાઈ જઈશ, હું ચોરને જ ખાવું છું! હનુમાનજીએ બીજું કંઈ ન કર્યું, પણ જેવા હનુમાનજીને રોક્યાં ત્યાં જ, ''મુઠિકા એક મહા કપિ હની''. આ પણ સત્સંગની એક પ્રક્રિયા સમજો, મસ્તક પર મુકો મારવો. પીઠ પર મૂકો મારવાથી કોઈ પરિણામ મળતું નથી, એટલે આ કોઈ સ્થૂળ રુપે મારવાની વાત નથી. જરાં લંકાકાંડ તરફ નજર કરીએ હનુમાનજીએ રાવણની પીઠ પર મુકો માર્યો હતો.

રાવણની પીઠ પર મુકો માર્યો, રાવણ પડી ગયો અને પછી ઉઠ્યો! અને હનુમાનજીના બળની સરાહના કરવા લાગ્યો! બીજું કોઈ હોત તો રાજી થાત, પણ હનુમાનજી રાજી ન થયા, મારા મનને ધિક્કાર છે! મેં તો એટલાં માટે મુકો માર્યો હતો, કે તું બદલી જાય, પરંતુ તું તો હતો એવો ને એવો ઉભો થયો! મૂઢ હોય એનામાં કોઈ પરિવર્તન આવે નહીં. જ્યારે લંકિનીને મસ્તક પર મુકો માર્યો, મસ્તકમાં બુદ્ધિ રહે છે, જે જૂની પરંપરાથી જડ બનતી જાય છે, એટલે હનુમાનજીનો સત્સંગ એ જૂની પરંપરાને તોડી નાખે છે! પરંપરા જડ ન હોવી જોઈએ, પ્રવાહી હોવી જોઈએ. લંકિની વિચારે છે કે હું રાવણનું અન્ન ખાઈ રહી છું, તો લંકામાં જે ચોર પ્રવેશ કરે, એ ચોરને પકડવા એ મારું કર્તવ્ય છે, એ ખોટી ધારણા છે. હનુમાનજી કહે છે કે, જો તારો ખોરાક જ ચોર છે, તો સૌથી મોટો ચોર લંકામાં છે. ખાવાની શરૂઆત ત્યાંથી કર, જે મારી મા જાનકીને ચોરી લાવ્યો છે. તો તું સેવા કરે છે, મોટા ચોરની તુ સેવિકા છે. પરંતુ તારી ધારણા છે કે, તે એનું અન્ન ખાધું છે, એની તુ સેવિકા છે, એણે સારી પોસ્ટ પર નિયુક્ત કરી છે, એટલે તારું કર્તવ્ય છે, કે ડ્યુટી નિભાવવી જોઈએ! આપણો ધર્મ પણ એ જ કહે છે, પૂર્વજોએ એવું કહ્યું, પરંતુ એમાં સુધારો થવો જોઈએ, વિવેક પૂર્વક ખોટી વસ્તુને હટાવવી જોઈએ. હનુમાનજીએ પણ લંકાના ફળ ખાઈને લંકાના રાક્ષસોને જ માર્યા હતા. અમુક સૂત્રો વિવેક દ્રષ્ટિથી સુધારવા જોઈએ.

હનુમાનજી અને લંકિની વાળી આ ઘટનામાંથી ત્રણ બોધ પ્રાપ્ત થાય છે. હનુમાનજી એ લંકિનીનાં મસ્તક પર પ્રહાર કર્યો, અને એની ખોટી પરંપરાઓ તૂટી ગઈ, બુદ્ધિ બદલાઈ ગઈ, એનાં મુખમાંથી રક્ત નીકળ્યું! એટલે કે લંકિની માં વિરક્તિ પ્રગટી. સત્સંગના પ્રભાવ નો પ્રતાપ છે કે, કથા સાંભળતાં આપણા રાગ ઓછા થાય ઈર્ષા ઓછી થાય, ભગવાનની કથા સાંભળતાં ભગવત સત્સંગ કરતાં કરતાં આસક્તિ અને રાગાત્મક ભાવ થોડો ઓછો થાય, એની કોશિશ કરવી પડે, પરંતુ અમૃત પીધા પછી, બીજા લાગવા માંડે, એમ લંકિનીનાં મુખમાંથી રક્ત નીકળી ગયું, અને વિરક્તિ તરફ પ્રયાણ થયું. હનુમાનજીએ મસ્તક પર પ્રહાર કર્યો ત્યારે લંકિની પડી ગઈ હતી, પરંતુ'' પુનિ સંભાનિ ઉઠી સો લંકા'' સત્સંગ પાડે છે પરંતુ સત્સંગ કર્યા પછી પડ્યા ન રહેવું, સત્સંગના સૂત્રોને સમજીને સાંભળીને પાછા ઉઠી જવું!

બૌદ્ધિક ધારણાનો નાશ, આસક્તિ અને રાગ ધીરે ધીરે ઓછા થાય, અને સત્સંગ કરનારા કર્તવ્ય છોડી દે નહીં, ઉઠીને પોતાનાં ધ્યેય તરફ ગતિ કરે. લંકિની કે જે હનુમાનજીને ચોર કહેતી હતી, એ જ પછી હાથ જોડવા લાગી, એટલે કે સત્સંગ કરાવનાર સંત પ્રત્યે અહોભાવ કે ઉપકારના ભાવથી નમવું.

તાત મોર અતિ પુન્ય બહૂતા,
દેખેઉં નયન રામ કર દૂત.

આ ચોપાઈમાં તુલસી નયનની બદલે આંખ પણ લખી શક્યા હોત, પણ નયન શબ્દ બહુ સુંદર છે કારણ કે એને આ બાજુથી વાંચો તો પણ નયન વંચાય અને આ બાજુથી વાંચો તો પણ નયન જ વંચાય. પહેલા લંકિની આંખેથી જોતી હતી માટે એને એક આંખેથી હનુમાનજી ચોર લાગ્યા પણ, બીજી આંખેથી સંત અને ત્રીજી આંખેથી વિચિત્ર લાગ્યાં. પરંતુ બુદ્ધિ બદલાઈ ગઈ, એટલે હવે જે બાજુથી જોવે, ત્યાંથી એ સાધુ જ લાગે છે. એણે કહ્યું કે મારા પુણ્ય છે કે, આજે મેં મારા નેત્રોથી રામના દૂતના દર્શન કર્યા.

લંકિની હનુમાનજીને આગળના કાર્ય માટે શુભકામના આપે છે.

પ્રબિસિ નગર કીજે સબ કાજા,
હ્રદય રાખી કૌશલપુર રાજા.

લંકિની એ સુંદર શુભકામના આપી, આપ નગરમાં પ્રવેશીને બધા કામ કરો, પરંતુ હ્રદયમાં કૌશલપુર રાજાને રાખીને આપ પ્રવેશ કરો. આપની માટે જેર અમૃત થઈ જશે, લંકિનીના એ આશીર્વાદ સફળ થયા! અને એટલે જ હનુમાનજી ઝેરથી બચી ગયાં અને અમૃતના ફળ ખાવા લાગ્યા.

ગરલ સુધા રિપુ કરહિ મિતાઈ,
ગોપદ સિંધુ અનલ સિતલાઈ.

દુશ્મન પહેલા મૈત્રી કરશે, લંકામાં તો બધા દુશ્મન છે. પરંતુ બધા દુશ્મનમાં વિભીષણ રાવણનો ભાઈ છે, પરંતુ હનુમાનજી સાથે એને દોસ્તી થઈ ગઈ, લંકા સુધી આવવામાં હનુમાનજીને ખૂબ વિઘ્નો મળ્યાં, પરંતુ વિભીષણ સાથે મૈત્રી થતાં બિલકુલ સહજતાથી આગળની યાત્રા થઈ. લંકામાં આગ લગાવવામાં આવશે, પણ આપની માટે અગ્નિ શીતળ થઈ જશે.

લંકિનીની શુભકામના મેળવી હનુમાનજી વિચારે છે, કે લંકામાં તો નિશીચરોનો વાસ છે, અહીં સજ્જન ક્યાં છે? અને ત્યારે હનુમાનજી વિભીષણનાં આંગણામાં આવ્યા, અને વિભિષણ જાગ્યો. આપણા જીવનમાં પણ જ્યારે કોઈ સાધુ કે સંત પ્રવેશે, ત્યારે જ આપણે જાગીએ છીએ. વિભિષણ રામ રામ કરીને જાગે છે, આ સાંભળીને હનુમાનજી હર્ષિત થઈ ગયાં, અને વિચાર્યું કે સાચે જ કોઈ સજ્જન છે, આમ હનુમાનજી અને વિભીષણનું મિલન થાય છે.જે પોતાના રાક્ષસ હોવા પર સંકોચ કરે છે, અને પછી જાનકી સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે. જાનકીના ત્રણ સ્વરૂપ શક્તિ, શાંતિ, અને ભક્તિ. મે ક્યારેક કહ્યું છે કે વિભિષણ ભક્તિની નવયુક્તિ બતાવે છે કે, ભક્તિ કેવી રીતે પ્રાપ્ત કરવી.

શાંતિ ત્રણ રીતે મળે છે(૧) અભય, જ્યાં સુધી આપણામાં અભય નથી આવતું ત્યાં સુધી આપણે શાંતિ પ્રાપ્ત કરી શકતા નથી. (૨)ત્યાગ સંગ્રહ કરનારને ક્યારેય શાંતિ નથી મળતી જેટલો વધારે પરિગ્રહ હોય એટલો જ માણસ અશાંત. (૩) અહિંસા, સીધી વાત છે જે હિંસા કરે એ શાંત નથી હોતાં, એ વિકૃત છે શાંત ક્યારેય હિંસા નથી કરતા.

ભક્તિ ત્રણ રીતે મળે. (૧) વિશ્વાસ, આપણા સાધન અને આપણા સદગુરુ પર વિશ્વાસ હોવો જોઈએ. (૨) વિભિષણ બતાવે છે કે ભગવાન શંકરનું ભજન કરવાથી ભક્તિ મળે છે. ભક્તિના દાતા ભગવાન મહાદેવ છે. ત્રીજી યુક્તિ માનસમાં લખી છે ધીરજ, વિશ્વાસ પૂર્વકનાં સ્મરણ કે સાધનાની સાથે ધીરજ પણ અત્યંત જરૂરી છે.

શક્તિની ત્રણ રીત. (૧)સ્થિરતા, જે ડામાડોળ હોય એ ક્યારેય શક્તિ પ્રાપ્ત કરી શકતા નથી. નાગાધિરાજ હિમાલય યુગોથી સ્થિર છે, અને એની સ્થિરતાને કારણે શક્તિનો જન્મ થયો. દક્ષ કન્યા રૂપે પણ એ શક્તિ સંપન્ન જ હતી પરંતુ એની બુદ્ધિ શક્તિમાં ભટકાવ હતો.(૨) મૌન, માનવી જેટલો મૌન રહેશે એટલી શક્તિ વધશે મુખર થતાં શક્તિ છીનવાઈ જાય છે.(૩) પ્રભુ મુદ્રિકા એટલે કે જેના મુખમાં રામનામ રૂપે મુદ્રિકા હશે, એ પણ શક્તિશાળી બનશે. પછી વિભિષણના માર્ગદર્શનથી હનુમાનજી અશોકવાટિકામાં પ્રવેશ કરે છે, ત્યાં સુધીની કથા કહી ચોથા દિવસની કથાને વિરામ આપ્યો.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### પરિવારની મરજી વિરૂધ્ધ જઇ એક વર્ષ પહેલા જ કર્યા હતાં લગ્નઃ પરિવારનો માળો વીખેરાયો

# માતાની અંતિમવિધીમાં ન બોલાવતાં નવોઢાનો આઘપાત

## પરિણીતાની માતાનું ત્રણ દિવસ પહેલા અવસાન થતાં પિતાએ તેને આવવાની ના કહી દેતાં વાડીના રૂમમાં લટકી ગઇઃ પચ્ચીસ દિવસ પહેલા જન્મેલી દિકરી થઇ મા વિહોણી

રાજકોટ, તા. ૬

આજના યુગમાં પણ પ્રેમલગ્નોના વિરોધ જે તે પરિવારો દ્વારા થતાં રહે છે. તાજેતરમાં પ્રેમલગ્ન કરનાર રાજકોટની એક યુવતિએ બાદમાં પતિ-સાસરીયાના ત્રાસથી આપઘાત કર્યાની ઘટના સામે આવી હતી. ત્યાં હવે એક બનાવમાં પ્રેમલગ્ન કરનારી યુવતિના માતાનું મૃત્યુ થતાં તેણીને પિતાએ અંતિમવિધીમાં આવવાની ના પાડી દેતાં તેણીએ આપઘાત કરી લીધો હતો. કરૂણતા એ છે કે આ નવોઢાના પગલાને કારણે તેની એક મહિના પહેલા જ જન્મેલી દિકરી મા વગરની થઇ ગઇ છે. અપમૃત્યુની બીજી ઘટનામાં ઢોર રોડ પર આવી જતાં વાહન સ્લીપ થઇ જતાં બે યુવાન ફંગોળાઇ ગયા હતાં. જેમાં એકનું મોત થઇ ગયું હતું.

વિગતો પર નજર કરીએ તો ગોંડલના મોટા દડવા ગામે પતિ સાથે વાડીમાં રહી મજૂરી કરતી મુળ મધ્યપ્રદેશની અઢાર વર્ષની પાયલબેન સુરેશ ડામોર નામની નવોઢાએ ગત સાંજે સાડા ચારેક વાગ્યે વાડીના રૂમમાં ચુંદડીથી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. તેના આ પગલાથી પચ્ચીસ દિવસની વય ધરાવતી દિકરી મા વિહોણી થઇ ગઇ હતી. વધુ માહિતી મુજબ પાયલબેનનો પતિ સુરેશ સાગરભાઇ ડામોર વાડીમાં દવા છાંટવાનું કામ કરી સાંજે સાડા ચારેક વાગ્યે રૂમ પર આવ્યો ત્યારે પત્નિ લટકતી મળી હતી. પોલીસને જાણ થતાં ગોંડલ તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પતિ સુરેશ ડામોરે જણાવ્યુ હતું કે પોતે અને પાયલ મુળ એમપીના વતની છે.

બંનેએ અગીયાર મહિના પહેલા લવમેરેજ કર્યા હોઇ જે પાયલના માવતરને પસંદ પડ્યું નહોતું. હાલ પાયલ પચ્ચીસ દિવસ પહેલા જ માતા બની હતી અને દિકરીને જન્મ આપ્યો હતો. દરમિયાન પાયલની માતા કાળીબેન નાગરસંગનું વતન એમપીમાં ત્રણ દિવસ પહેલા કેન્સરની બિમારીથી મૃત્યુ થયું હતું. પાયલને ત્યાં અંતિમવિધીમાં જવું હતું. પરંતુ તેણીના પિતાએ તેને આવવાની ના પાડી દેતાં તેણીને માઠુ લાગી જતાં આ પગલુ ભરી લીધું હતું. તેમ વધુમાં પતિ સુરેશે જણાવ્યું હતું. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ વધુ તપાસ કરશે. આ ઘટનાથી મજૂર યુવાન આઘાતમાં ગરક થઇ ગયો હતો.

બીજી ઘટના જોઇએ તો રસ્તા પર ઢોર અચાનક આડે આવી જવાને કારણે વાહન અકસ્માતના બનાવો અવાર-નવાર બને છે. વધુ એક આવા બનાવમાં એક પરિવારના યુવાન દિકરાનું મોત થયું છે. ગોંડલના મોટા દડવા ગામ પાસે ઢોર રોડ પર આડે આવી જતાં ડબલ સવારીવાળુ મોટરસાઇકલ સ્લીપ

### રસ્તા પર ઢોર આવી જતાં મોટરસાઇકલ ફંગોળાયુઃ બત્રીસ વર્ષના યુવાનનો જીવ ગયો, ચાલકનો ઇજા સાથે બચાવ





### દિલની દગાખોરીથી મહિલા સફાઇ કામદાર અને કારખાનાના કર્મચારીના શ્વાસ થંભી ગયા

થઇ જતાં મોટા દડવાના બત્રીસ વર્ષના યુવાનનું ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. જ્યારે વાહનના ચાલકનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો. મોટા દડવા ગામે રહેતાં બત્રીસ વર્ષના એભલભાઇ જેસીંગભાઇ ગરૈયા પોતાના સગા ચાલીસના ટુવ્હીલરમાં બેસીને ખારચીયા ગામે કામ સબબ ગયા હતાં. ત્યાંથી બંને પરત પોતાના ગામ તરફ જતાં હતાં ત્યારે ગામ નજીક જ રોડ પર ઢોર આડુ આવી જતાં બાઇક સ્લીપ થઇ ગયું હતું. જેમાં દેવદાનભાઇનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો.

પરંતુ એભલભાઇને ગંભીર ઇજા પહોંચી હતી. પરિવારજનોએ એભલભાઇને પ્રથમ આટકોટ કે. ડી. પરવાડીયા હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ ગોકુલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. ત્યાંથી સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ આજે વહેલી સવારે તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આટકોટ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર એભલભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના અને અપરિણીત હતાં. તે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. આ ઘટનાથી સ્વજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

અપમૃત્યુના અન્ય બે બનાવમાં સફાઇ કામદાર મહિલા સહિત બે લોકોના દિલની દગાખોરીથી મૃત્યુ થયા હતાં. ગોંડલ રોડ આંબેડકરનગર-૪માં રહેતાં રસીલાબેન દિનેશભાઇ મુછડીયા નામના છપ્પન વર્ષના મહિલા સાંજે સાડા આઠેક વાગ્યે ઘરે હતાં ત્યારે છાતીમાં દુઃખવો થયા બાદ બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રસિલાબેનના પતિ દિનેશભાઇ કલર કામ કરી ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. પોતે મનપામાં કોન્ટ્રાકટ બેઝથી સફાઇ કામ કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

બીજી ઘટનામાં ગોડલ રોડ વાવડીમાં પરમેશ્વર મશીન ટૂલ્સ નામના કારખાનામાં કામ કરતાં અને ત્યાં જ ઓરડીમાં રહેતાં મુળ યુપીના રમેશભાઇ મીરૂગભાઇ ચૌહાણ નામના પંચાવન વર્ષના પ્રૌઢનું કારખાનાના રૂમમાં બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું. રમેશભાઇ રૂમમાં હતાં ત્યારે રાતે દસેક વાગ્યે એકાએક બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં એક દિકરો છે. પરિવારજનો વતનમાં રહે છે. પોતે અહિ અહિર નોકરી કરતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું. આમ ચાર અપમૃત્યુની ઘટનાઓ મૃતકોના સ્વજનોને શોકમાં ગરકાવ કરી ગઇ હતી.

### વાડીએથી મવડી ઘરે જવા નીકળેલા

## વૃધ્ધનું કારની ટક્કરથી મોત

### અઠ્યોતેર વર્ષના મોભીના મોતથી સોરઠીયા પરિવારમાં ગમગીની



રાજકોટ, તા. ૬

જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટનામાં એક પરિવારના મોભીનો જીવ ગયો છે. મવડી દોઢસો ફુટ રીંગ રોડ કણકોટ ચોકડી નજીક પગપાળા જઇ રહેલા મવડીના વૃધ્ધ એક કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતુ. કણકોટ ચોકડી નજીક શુભ મંગલ પાર્ટી પ્લોટ નજીક ગઇકાલે એક વૃધ્ધ કારની ઠોકરે આવી જતાં કારચાલકે જ ૧૦૮ બોલાવી તેમને સારવાર માટે ખસેડ્યા હતાં આ વૃધ્ધ મવડી ગામમાં રહેતાં અઠ્યોતેર વર્ષના પરષોત્તમભાઇ રવજીભાઇ સોરઠીયા હોવાનું ખુલ્યું હતું.

સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થતા હોસ્પિટલ ચોકીના ચિત્રકેતુસિંહ ઝાલાએ જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઇ નિલેષભાઇ એલ. ચાવડાએ જરૂરી કાર્યવાહી કરી હતી. સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર પરષોત્તમભાઇ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં ત્રીજા હતાં. હાલ નિવૃત જીવન જીવતા હતાં. ઘરેથી તેઓ મવડીની સીમમાં આવેલી વાડીએ ચાલીને ગયા હતાં. ત્યાંથી પરત ઘરે આવતાં હતાં ત્યારે કારની ઠોકરે આવી ગયા હતાં. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### એવુ તો શું બન્યું કે સંસાર જીવનના અઢી જ મહિનામાં નવપરિણીતાએ લગાડી લીધું મોતને ગળે

# નવપરિણીતાના આપઘાતે સર્જ્યા અનેક સવાલ

## અન્ય ઘટનાઓમાં નવ મહિના પહેલા પરણેલા યુવાન, સોની કામના કારીગરના દિલ બંધ પડી જતાં મોતઃ એક વૃધ્ધનું ચક્કર આવતાં પડી જવાથી મૃત્યુ

રાજકોટ, તા. ૬

લગ્નના અઢી જ મહિનામાં એવુ તો શું બની ગયું કે એક નવ પરિણીતાને આ દુનિયામાંથી વિદાય લેવા મજબૂર થવું પડ્યું? આ સવાલ સર્જતી ઘટના શહેરના સામા કાંઠે સંત કબીર રોડ પર બની છે. જેમાં એક નવપરિણીતાએ ગળાફાંસો ખાઇની દુનિયા છોડી દીધી છે. હાલ તો આ આપઘાત પાછળ માનસિક તણાવ કારણભુત હોવાનું સામે આવ્યું છે. પરંતુ ખરેખર કયુ કારણ આ નવોઢાને મૃત્યુ તરફ દોરી ગયું? તેની તપાસ હવે પછી થશે.

વિગતો પર નજર કરીએ તો સામા કાંઠે રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાઇ જિંદગી ટૂંકાવી લીધી છે. અઢી મહિના પહેલા તેણીના લગ્ન થયા હતાં. ત્રંબા માવતર ધરાવતી આ પરિણીતાના પગલાએ સાસરીયા-માવતરીયાને હચમચાવી મુક્યા છે. વિશેષ માહિતી અનુસાર સંત કબીર રોડ પર કૈલાસધામ મેઇન રોડ પર મારૂતિ મધરલેન્ડ સ્કૂલ પાસે રહેતી કૃપાલીબેન રોહનભાઇ ઢોલરીયા નામની સત્યાવીસ વર્ષની પરિણીતાએ ઘરે ઉપરના માળે પંખામાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ના તબિબે મૃત જાહેર કરતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી.

આપઘાતની ઘટનાની જાણ થતાં બી-ડિવીઝન ઇન્વેસ્ટીગેશન ટીમના પીએસઆઇ ડી. બી. ગાધેર અને સ્ટાફે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર કૃપાલીબેનના માવતર ત્રંબા ગામે રહે છે. તેણીના લગ્ન અઢી મહિના પહેલા જ થયા હતાં. પતિ રોહનભાઇને કરીયાણાની દૂકાન છે. માનસિક તણાવને કારણે પગલુ ભર્યાનું હાલ પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. મૃતકના માવતર પક્ષ સહિતના વિશેષ નિવેદનો નોંધવામાં આવશે. આ ઘટના પાછળ માનસિક તણાવ જવાબદાર હોવાનું હાલ કહેવાયું છે, પણ આ તણાવ કયા કારણોસર પેદા થયો હતો? એવુ તો શું બન્યું કે લગ્ન જીવનની હજુ તો શરૂઆત જ થઇ હતી ત્યાં તેણીને આ દુનિયા જ છોડવી પડી? આ સહિતના સવાલોના જવાબો શોધવા પોલીસ હવે પછી તપાસ કરશે.

અપમૃત્યુની અન્ય ઘટનાઓ જોઇએ તો નવ મહિના પહેલા



જ પરણેલા એક યુવાનનું દિલ ધબકારા ચુકી જતાં તેનું મોત થયું છે. મોરબીના ટીંબડી ગામે રહેતાં એકત્રીસ વર્ષના સંદિપભાઇ રામજીભાઇ ચાવડાનું હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. નવ મહિના પહેલા જ આ યુવાનના લગ્ન થયા હતાં. ટીંબડી ગામે રહેતો સંદિપભાઇ ચાવડા સવારે એકાએક બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સંદિપભાઇ બે ભાઇમાં નાનો હતો અને ચાની કેબીન ચલાવતો હતો. તેના લગ્ન નવ મહિના પહેલા જ થયા હતાં. ઘટનાએ પરિવારજનોને શોકમાં ડુબાડી દીધા છે.

હૃદય રોગના હુમલાની અન્ય બે ઘટનામાં રૈયા ૧૫૦ ફુટ રીંગ રોડ નાગરિક બેંક પાછળ કિસ્મતનગરમાં રહેતાં દિનમહોમ્મદ અલીમહોમ્મદ ચૌહાણ નામના ત્રેપન વર્ષના પ્રૌઢ સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. મૃત્યુ પામનાર પ્રૌઢ ચાર બહેન અને ત્રણ ભાઇમાં છઠ્ઠા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે નાસ્તાની લારી રાખી ગુજરાન ચલાવતાં હતાં. જ્યારે ડિલક્સ ચોક બેડીપરા પોલીસ ચોકી નજીક રહેતાં મુળ બંગાળના સમર નિમોય મંડલ નામના તેતાલીસ વર્ષના યુવાન સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર સોની કામની મજુરી કરતાં હતાં. તેનને સંતાનમાં એક દિકરી છે. હાર્ટએટક આવી ગયાનું સગાએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

ઘરે ચક્કર આવતાં પડી જતાં માથામાં ઇજા થતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. તે ચાર બહેન અને પાંચ ભાઇમાં ચોથા હતાં અને ફેબ્રીકેશનનું કામ કરતાં હતાં. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. આ બનાવોની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી અને લોધીકા પોલીસ અને બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

### શાંત શહેર ગણાતા રાજકોટમાં ક્યારે કોણ ઉકળી ઉઠે એ નક્કી જ નથી

# સામુ જોયુ ને તણખા ઝર્યાઃ છરી-ધોકા-લાફા-ધૂંબાથી ધમાલ

## એરપોર્ટ ફાટકના રાજકૃતિ એપાર્ટમેન્ટમાં રહેતો યુવાન મિત્ર સાથે વાત કરતો હતો ત્યારે કારમાં આવેલા શખ્સે સામે જોયા બાદ જામી પડીઃ સામ-સામે છ જણા સામે દાખલ થઇ એફઆઇઆરઃ બે જણાને લેવી પડી સારવાર

રાજકોટ, તા. ૬

સામાન્ય રીતે રાજકોટ શહેરની શાંત શહેર તરીકે રાજ્યમાં ઓળખ છે. જો કે અમુક તત્વો અહિ એવા છે જે નહિ જેવી વાતે ઉકળી ઉઠી મારામારી ગાળાગાળી પર પહોંચી જઇ અશાંતિનો માહોલ સર્જી દેતા હોય છે. પોલીસને પછી આવા બનાવોમાં એફઆઇઆર સુધીની કાર્યવાહી કરવી પડતી હોય છે. આવી જ એક ઘટના શહેરના જુના એરપોર્ટ ફાટક નજીક રાજકૃતિ એપાર્ટમેન્ટ ખાતે બની હતી. અહિ રહેતો યુવાન રાતે એપાર્ટમેન્ટના પાર્કિંગ ગેઇટ નજીક મિત્ર સાથે વાતો કરતો હતો ત્યારે કાર લઇને આવેલા એક શખ્સે કાચ ખોલી સામુ જોતાં બોલાચાલી બાદ જામી પડતાં છરી, ધોકા ઉડ્યા હતાં અને લાફા-ધૂંબા-પાટાનો પણ વરસાદ થયો હતો. બે જણાને ઇજાઓ થતાં સારવાર લેવી પડી હતી. પોલીસે સામ-સામે મળી કુલ છ સામે બે એફઆઇઆર દાખલ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો રાજકૃતિમાં રહેતો યુવાને પોતાના મિત્રને 'આ ભાઇ તને કંઇક કહે છે' તેમ કહેતાં કારચાલકે ગાળો દઇ નીચે ઉતરી યુવાનને ઝાપટ મારી લેતાં અને બાદમાં પોતાના બે મિત્રોને બોલાવી ફરી ઝઘડો કરી આ યુવાનને માથામાં છરી મારી દેતાં ઇજા થઇ હતી. સામા પક્ષે પણ એક યુવાન પોતાના પર યુવાન, તેના ભાઇ, પિતા સહિત ચાર જણાએ છરી-ધોકાથી હુમલો કર્યાની ફરિયાદ નોંધાવી હતી. પ્ર.નગર પોલીસે એરપોર્ટ ફાટક પાસે રાજકૃતિ એપાર્ટમેન્ટ ઇ-વીંગ, પહેલા માળે રહેતાં અને અમદાવાદ અસારવા હોસ્પિટલમાં જીસીઆરઆઇ વિભાગમાં નોકરી કરતાં મિતુલભાઇ બંસીભાઇ કક્કડ કે જેમની ઉમર બેતાલીસ વર્ષ છે તેમની ફરિયાદ પરથી તારીફ તથા બે અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો. મિતુલભાઇએ જણાવ્યું છે કે હું મારા પિતાજી બંસીલાલ, ભાઇ રવીશ સાથે રહુ છું. મિલન સોહાણીને દસ પંદર વર્ષથી ઓળખુ છું અને તે મારા મિત્ર છે.

રાતે દસેક વાગ્યે હું ઘરે હતો ત્યારે મિત્ર મિલન મને મળવા મારા ફ્લેટ નીચે આવ્યો હતો. તેણે ફોનથી જાણ કરતાં હું નીચે પાર્કિંગગેઇટ



પાસે ગયો હતો. અમે બંને વાત કરતાં હતાં ત્યારે સફેદ રંગની કાર આવી હતી. કાચ ખોલીને ચાલકે મારી સામે જોતાં મેં મારા મિત્રને કહેલું કે-આ ભાઇ તને કંઇક કહે છે. આથી એ કારચાલક જેમ ફાવે તેમ બોલવા માંડતા અને ગાળો દેવા માંડતાં મં ગાળો બોલવાની ના પાડતાં તેણે કારમાંથી નીચે ઉતરી મને ઝાપટ મારી દીધી હતી. આથી મેં મિત્રને ઘરે મોકલી દીધો હતો અને હું પણ ઘરે જતો હતો ત્યાં મારો ભાઇ રવીશ અને પિતા નીચે આવ્યા હતાં. આ વખતે કારવાળા ભાઇએ મને કહેલું કે-હું તારીક અહમદ છું. તેમ કહી ફરી ગાળો દીધી હતી.

અમે ઘરે જતાં રહેતાં તારીક અને બે અજાણ્યાએ મારા ઘરે આવી ઝઘડો કર્યો હતો. અજાણ્યાએ મને માથામાં છરી મારી દીધી હતી અને મારા પિતા-ભાઇને ઢીકાપાટુ માર્યા હતાં. દેકારો થતાં લોકો ભેગા થઇ ગયા હતાં. કોઇએ ૧૦૮ બોલાવતાં મને હોસ્પિટલમાં ખસેડાયો હતો. સામા પક્ષે રૈયા રોડ હનુમાન મઢી નજીક અલ્કાપુરી-૨માં રહેતાં અને ખાનગી નોકરી કરતાં પાંત્રીસ વર્ષના શબ્બીરભાઇ મહદરફીકભાઇ નાગોરીની ફરિયાદ પરથી બંસીભાઇ અને તેના બે પુત્રો તથા મિલનભાઇ વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. શબ્બીરભાઇએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહી ખાનગી નોકરી કરી ગુજરાન ચલાવુ છું. ગુરૂવારે રાતે દસેક વાગ્યે હું અને મિત્રો તોસિફ પઠાણ, તારીક કોચલીયા એરપોર્ટ ફાટક પાસે બેઠા હતાં.

અહિથી તારીફભાઇ રાજકૃતિ એપાર્ટમેન્ટમાં આવેલ વિમલ સ્ટોરમાં ગુટખા લેવા ગયા હતાં. થોડીવાર પછી તેનો મને ફોન આવ્યો કે મારી સાથે રાજકૃતિમાં રહેતાં બંસીભાઇ અને તેના બે પુત્રો તથા મિલન ઝઘડો કરે છે. આથી હું અને તૌસીફ ત્યાં જતાં આ બધા તારીફભાઇને મારકુટ કરતાં હોઇ હું વચ્ચે પડતાં બંસીભાઇના પુત્રો છરી-ધોકાથી તૂટી પડ્યા હતો. ગાળો દઇ મને પીઠના ભાગે અને માથાના ભાગે છરીના ઘા મારી દીધા હતાં. આ પછી તૌફિકભાઇએ ૧૦૮ બોલાવી મને સારવારમાં ખસેડ્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગરના પીઆઇ વી.આર. વસાવાની રાહબરીમાં હેડકોન્સ. નિલેષભાઇ કુગશીયાએ બંને ફરિયાદ દાખલ કરી હતી. વધુ તપાસ હેડકોન્સ. પ્રદિપભાઇ કોટડએ હાથ ધરી હતી. આમ નહિ જેવી એટલે સામુ જોવા જેવી વાતે છરી, ધોકા ઉડતા લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં.

### ચામડાતોડ વ્યાજંકવાદના દૂષણને ડામવાના પ્રયાસો વચ્ચે વધુ એક ઘટના

# વ્યાજખોરે લાખો કટકાવ્યા ને જમીન પણ વેંચી મારી

## પિસ્તાલીસ લાખ લીધા તેની સામે સાડા દસ લાખ દઇ દીધા હતાં છતાં પઠાણી ઉઘરાણી કરી દોઢ કરોડમાં બારોબાર જમીનનો સોદો કરી રોકડા કરી લીધા!: બીજી ઘટનામાં ચાર હજાર રૂપરડી માટે થઇ ધોકાવાળી

રાજકોટ, તા. ૬

વ્યાજખોરીના દૂષણને ડામવા માટે સરકાર પોલીસ સતત પ્રયાસો કરે છે અને આ માટે લોકદરબારો યોજી ધડાધડ ચામડાતોડ વ્યાજખોરો સામે એફઆઇઆર દાખલ કરી તેને જેલ ભેગા કરે છે. પરંતુ આ દૂષણ સદંતર નાબુદ થઇ શકતું નથી એ પણ હકિકત છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં કોન્ટ્રાકટરે વ્યાજે લીધેલી રકમ સામે દસ લાખ સહિતની રકમ ચુકવી દીધી હોવા છતાં વ્યાજખોરોએ તેની કરોડોની જમીન બારોબાર વેંચી મારી હતી! એટલુ જ નહિ પોલીસ સબ ઇન્સ્પેકટરના નામે ધાકધમકીઓ પણ અપાઇ હતી. અંતે કોન્ટ્રાકટરને પોલીસ પાસે જવું પડ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો સુરતના કતારગામ વિસ્તારના કોન્ટ્રાક્ટર રજનીભાઈ લાલજીભાઈ જાસોલિયાએ ધંધાની જરૂરિયાત માટે લીધેલા પીસ્તાલીસ લાખ સિત્તેર હજાર રૂપિયાના વ્યાજખોરીના લોન પેટે ભાવનગરના અધેવાડા ગામ પાસેની પિતાની જમીનના દસ્તાવેજ આપ્યા હતા. બાદમાં મુદ્દલ પરત કરવાની તૈયારી બતાવી વ્યાજના દસ લાખ રૂપિયા ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ દસ્તાવેજ પરત ન કરી જમીનને અન્ય મહિલા વસંતબેન માંગુકીયાને આશરે ૧.૫ કરોડમાં વેચી દીધી હતી. આરોપીઓએ ફરિયાદીને સુરતના વરીવાવ પાણીની ટાંકી પાસે બોલાવીને બેઠક કરી હતી. તેમણે ગોકુળ કરમટીયાએ પોતાને અમદાવાદ સાયબર ક્રાઈમના પીએસઆઈ તરીકે ઓળખ આપી ધાકધમકી આપીને ચક્રવૃદ્ધિ વ્યાજ ગણી ૨.૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી.

આ ઉપરાંત તે વખતે પણ બળજબરીપુર્વક ૨૫ હજાર રૂપિયા પડાવી લીધા હતા. આ ઘટના બાદ રજનીભાઈ જાસોલિયાએ ભરતનગર પોલીસ મથકમાં ગોકુળ કરમટીયા વાઘજી કરમટીયા, ભુપત કરમટીયા અને રઘુ સોંડાભાઈ રબારી સામે ફરિયાદ નોંધાવી છે. આ આરોપીઓ અમદાવાદ સિહોર, સુરતના વતની છે. વધુ માહિતી અનુસાર ભરતનગર પોલીસે આ ફરિયાદના આધારે ગુજરાત નાણાં ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસે આરોપીઓના બેંક ટ્રાન્ઝેક્શન, જમીનના દસ્તાવેજો અને સંબંધિત વ્યવહારોની તપાસ હાથ ધરી છે. આ કેસમાં વ્યાજખોરી અને જમીનની ઠગાઈના ગંભીર આરોપો છે, જેને લઈને પોલીસે આરોપીઓને ઝડપથી પકડવાના -યાસો તેજ કર્યા છે. આ ઘટના રોકાણ અને વ્યાજખોરીના નામે થતી છેતરપિંડીના વધતા કેસો તરફ ધ્યાન દોરે છે.




બીજી ઘટનામાં ગાંધીનગરના ઝુંડાલ વિસ્તારમાં બાથરૂમના પી.વી. સી. દરવાજાના કામના બાકી નીકળતા રૂપિયાની ઉઘરાણી કરવા બાબતે ફનચરની દુકાન ચલાવતા વેપારી પર પિતા-પુત્રએ લાકડાના ધોકા વડે હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. આ મામલે અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે મૂળ રાજસ્થાનના અને હાલ અડાલજ ખાતે રહેતો સુનીલ શ્રવણભાઈ ચૌધરી ઝુંડાલમાં શ્રેયાંસ ફનચર નામની દુકાન ભાગીદારીમાં ચલાવે છે. એક માસ પહેલા વિવાન એકઝોરા લેટમાં રહેતા બાબુલાલજી તુલસીદાસ સુથારે તેમના ઘરે ૮,૦૦૦ રૂપિયામાં બાથરૂમના પી.વી.સી. દરવાજા બનાવવાનું કામ આપ્યું હતું.

જે પૈકી ૪,૦૦૦ રૂપિયા એડવાન્સ આપ્યા હતા અને બાકીના ૪,૦૦૦ રૂપિયા કામ પૂરું થયા બાદ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેથી સુનીલ દ્વારા વારંવાર બાકી પૈસાની માંગણી કરવા છતાં બાબુલાલ દ્વારા નાણાં આપવામાં આવતા નહોતા. ત્યારે ગઈકાલે સાંજના આશરે ચારેક વાગ્યે સુનીલ અને તેમના ભાગીદાર પંકજભાઈ દુકાન પર હાજર હતા ત્યારે બાબુલાલ અને તેમનો પુત્ર ભેરૂ ત્યાં આવ્યા હતા. જેથી પૈસા માંગતા હુ તમોને કોઇ પૈસા આપવાનો નથી તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. તકરાર વધતા પિતા-પુત્રએ સુનીલ સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો.

આ દરમિયાન બાબુલાલના પુત્ર ભેરૂએ લાકડાના ધોકા વડે સુનીલના માથાના ભાગે હુમલો કર્યો હતો. જેના કારણે તેને લોહી નીકળવા લાગ્યું હતું અને તે નીચે પડી ગયો હતો. હુમલો કર્યા બાદ બંનેએ હવે પૈસાની માંગણી કરશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ત્યાંથી નાસી ગયા હતા.આ મામલે અડાલજ પોલીસે પિતા પુત્ર સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

### પોલીસ પ્રજાનો મિત્ર

# દંપતિના ખોવાયેલા ૧૭.૫૦ લાખના દાગીના આજીડેમ પોલીસે શોધ્યા

## મુળ માલિકે પોલીસનો આભાર માન્યો: કારની ડેકી પર ભુલથી મુકાયેલુ પર્સ પડી ગયું તેમાં હતાં દાગીના

રાજકોટ, તા. ૬

પોલીસ પ્રજાનો મિત્ર એ સુત્રને આજીડેમ પોલીસે સાર્થક કર્યુ છે. એક દંપતિના ખોવાયેલા ૧૭ા લાખના દાગીના શોધીને તેમને પરત કરતાં તેમણે પોલીસનો આભાર માન્યો હતો.

વિગતો જોઈએ તો સુભાષભાઇ રામભાઇ જળુ પોતાની પત્ની સાથે ગત બીજી તારીખે લગ્નપ્રસંગમાં જવા નીકળ્યા હતા. ઉતાવળમાં તેઓ સોનાના દાગીના ભરેલું પર્સ કારની ડેકી પર જ ભૂલી ગયા હતા અને કાર ચલાવતા પર્સ ક્યાંક પડી ગયું હતું. આ પર્સમાં ૧૨ તોલાનો હાર અને બુટી હતા, જેની કિંમત આશરે ૧૭,૫૦,૦૦૦જેટલી થતી હતી. ઘટનાની જાણ થતા જ આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એ.બી. જાડેજા અને સર્વેલન્સ સ્કોડના પી.એસ.આઈ. એસ. વી. ગોહિલ સક્રિય થયા હતા. પોલીસ હેડ કોન્સ્ટેબલ દેવાંગભાઇ પાલા તથા કોન્સ્ટેબલ મહેશભાઇ કોઠીવાળ દ્વારા ટેકનિકલ સોર્સીસ, સીસીટીવીનો ઝીણવટભર્યો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

તપાસના અંતે આ પર્સ એક રિક્ષા ચાલક પાસેથી મળી આવ્યું હતું, જે સુરક્ષિત રીતે મૂળ માલિકને પરત કરવામાં આવ્યું છે.



પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, એસીપી બી.વી. જાધવના માર્ગદર્શન હેઠળ આજીડેમ પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવી હતી. પોતાના કિંમતી દાગીના પરત મળતા અરજદાર પરિવારે રાજકોટ પોલીસનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### તકલીફો તો હોય બધાને, પણ તેનો ઉકેલ કદી આત્મહત્યા ન જ હોય

# કેટરર્સ સંચાલક, વૃધ્ધા અને શ્રમિકે જિંદગીથી છેડો ફાડ્યો

## કાલાવડ રોડના કેટરર્સ સંચાલકે મોટા વડાના મંદિરે ઝેર પીધું, મવડીના વૃધ્ધાએ ઘરે ઝેર પીધુ અને માંડા ડુંગર પાસે મજૂરે ઓરડીમાં લટકીને મોતને વ્હાલું કર્યુ

રાજકોટ, તા. ૬

અલગ અલગ કારણોસર કંટાળી જઈને લોકો આપઘાત કરે આપઘાતનો પ્રયાસ કરતાં હોય છે. સમસ્યાઓથી થાકી હારીને આવુ પગલુ ભરનારા પોતે તો કદાચ કાયમને માટે મુશીબતનો છેડો ફાડી લેતાં હોય છે. પરંતુ પાછળ પોતાના સગા સ્વજનોને વિલાપ કરતાં છોડી જતાં હોય છે. સમસ્યાનો ઉકેલ આત્મહત્યા ક્યારેય ન હોઇ શકે, આમ છતાં લોકો આવા પગલા ભરે છે. શહેરમાં એક કેટરર્સ સંચાલક, એક વૃધ્ધા અને એક કારખાનાના શ્રમીક યુવાને ઝેરી દવા પી અને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો છે.કેટરર્સ સંચાલકે આર્થિક સંકડામણથી, વૃધ્ધાએ બિમારીથી કંટાળીને જીવ આપ્યાની વિગતો સામે આવી હતી. જો કે શ્રમીકના આપઘાતનું કારણ ખુલ્યું નહોતું.



વિગતો પર નજર કરીએ તો શહેરના કાલાવડ રોડ પર રહેતાં કેટરર્સ સંચાલકે લોધીકાના ખીરસરા નજીકના મોટા વડા ગામે આવેલા મંદિરે ઝેર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. કાલાવડ રોડ પર કૈલાસ કેવલમ્ સોસાયટીમાં રહેતાં સુડતાલીસ વર્ષના બિપીનભાઈ લક્ષ્મણભાઈ પાંભરએ બપોરે ત્રણેક વાગ્યે મોટા વડા ગામની સીમમાં આવેલા શ્રી ખોડીયાર માતાજીના મંદિરે ઝેરી દવા પી લીધી હતી. દર્શનાર્થીઓને જાણ થતાં ૧૦૮ અને પોલીસને જાણ કરી હતી. બીપીનભાઇને સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં મેટોડા જીઆઇડીસી પોલીસ સ્ટેશનના હેડકોન્સ. હરેશભાઇ સોરાણી સહિતે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર બિપીનભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો છે. પોતે કેટરર્સનું કામ કરતાં હતાં. ઘરેથી ગઇકાલે તેઓ મંદિરે દર્શન કરવા જવાનું કહીને નીકળ્યા બાદ આ પગલુ ભરી લીધુ હતું. આર્થિક ભીંસને કારણે પગલુ ભર્યુ કે અન્ય કારણોસર ભર્યુ તેની તપાસ મેટોડા પોલીસ કરી રહી છે.

અન્ય બે આત્મહત્યાની ઘટના જોઇએ તો મવડી રોડ પર શ્રી હરિ સોસાયટીમાં રહેતાં એંસી વર્ષના લાભુબેન જેસીંગભાઇ ચૌહાણ નામના વૃધ્ધાએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. શ્રી હરિ સોસાયટીમાં રહેતાં લાભુબેન ચૌહાણ સાંજે સાડા ચારેક વાગ્યે ઘરે ઝેરી દવા પી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટુંકી સારવારને અંતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના હેડકોન્સ. ચિત્રકેતુસિંહ ઝાલાએ જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઇ નિલેષભાઇ ચાવડા તથા નયનભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ લાભુબેનને વિચારવાયુની બિમારી લાગુ પડી ગઇ હોઇ કંટાળીને પગલુ ભર્યુ હતું.

જ્યારે આપઘાતનો બીજો બનાવ આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર નજીક પરશુરામ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં બન્યો હતો. અહિ શેરી નં. ૨૪માં રહેતાં અને કારખાનામાં કામ કરતાં એકવીસ વર્ષના વિકાસ શેષરાજ કેવટ નામના યુવાને ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ને જાણ કરાઇ હતી. તેના ઇએમટી તબિબે વિકાસને મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. ભાવેશભાઇ વાઘેલાએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર મુળ યુપીનો વતની હતો અને અહિ કુટુંબી સગા સાથે રહી કારખાનામાં કામ કરતો હતો. આપઘાતનું કારણ બહાર ન આવતાં તપાસ યથાવત રાખી હતી. આમ ત્રણ પરિવારોના સ્વજનોએ અલગ અલગ કારણે કાયમને માટે દુનિયામાંથી વિદાય લઇ લીધી હતી.

### ઇન્ટરનેટના યુગમાં ફ્રેન્ડશીપ, લવ, બ્રેકઅપ બધુ થઇ જાય ફટાફટ

# પ્રેમના નામે આંબાઆંબલી દેખાડી યુવતિ સાથે દગો

## સાથે ભણતી વખતે પરિચય થયો પછી પ્રેમનું નાટક કરાયું: લગ્નની વાત આવતાં યુવાને દીધી યુવતિ સહિત આખા પરિવારને ખૂનની ધમકી! : બીજા બનાવમાં લોનના નામે યુવાન સાથે વીસ હજારની છેતરપીંડી

રાજકોટ, તા. ૬

લવએફરમાં અનેક વખત બખેડા થઇ જતાં હોય છે. દગાખોરીનો અવકાશ અહિ ખુબ રહેલો છે. આજના ઇન્ટરનેટના યુગમાં આ પ્રકારના બનાવો અવાર-નવાર સામે આવે છે. જેમાં ફટાફટ મિત્રતા, ફટાફટ પ્રેમ અને ફટાફટ બ્રેકઅપ પણ થઇ જાય છે. એક યુવાને પહેલા તો આંબા આંબલી દેખાડી યુવતિને પોતાની જાળમાં ફસાવી હતી. લગ્ન કરવાની લાલ આપી આ ઢગાએ શોષણ પણ કર્યુ હતું. પરંતુ છેલ્લે લગ્નની વાત આવતાં આ કહેવાતો પ્રેમી ફગી ગયો હતો અને માથે જતાં યુવતિને અને તેના પરિવારજનોને પણ મારી નાખવાની ધમકી આપી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં વિદ્યાપીઠમાં થયેલા પ્રેમનો અંત આવી જતા અંતે યુવતીએ યુવક અને તેની માતા, ભાઈ બહેન વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરી છે. યુવક અને તેના પરિવારને યુવતી સાથે લગ્ન કરાવવાની ના પાડી દીધી હતી અને ફોન પર બેફામ ગાળો પણ બોલી હતી. યુવતીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી જેથી યુવતીએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. શિવરંજની ચાર રસ્તાની પાસેના પી.જીમાં રહેતી યુવતીએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં પ્રેમી જયપાલસિંહ તેમજ તેની માતા, બહેન અને ભાઈ વિરૂદ્ધ ફરિયાદ કરી છે. યુવતી મુળ રાજકોટની રહેવાસી છે અને ઘણા સમયથી અમદાવાદ રહે છે. મળતી વિગત અનુસાર યુવતી સ્કુલમાં ટીચર તરીકે નોકરી કરે છે. યુવતી વર્ષ અગાઉ ગુજરાત વિદ્યાપીઠ ખાતે બીએડનો અભ્યાસ કરતી હતી તે વખતે ગુજરાત વિદ્યાપીઠમાં જયપાલસિંહ નામનો યુવક પણ અભ્યાસ કરતો હતો.

બન્નેનો ગુજરાત વિદ્યાપીઠમાં સંપર્ક થયો હતો અને સારા મિત્રો બની ગયા હતાં. બન્ને અવારનવાર મળતા હતા અને એકબીજાને મોબાઈલ નંબરની આપલે પણ કરી હતી. આ પછી વર્ષ ૨૦૨૪માં વિદ્યાપીઠમાં અભ્યાસ પુરો થતાની સાથે જ યુવતીને રાજકોટથી અમદાવાદ રહેવા માટે આવી ગઈ હતી. યુવતી આવી ત્યારે સેટેલાઈટ ખાતે પીજીમાં રહેતી હતી. યુવતી અને જયપાલસિંહ એકબીજાને પ્રેમ કરવા લાગ્યા હતા. જયપાલસિંહ યુવતીને સેટેલાઈટ મળવા માટે આવતો હતો ત્યારે ઘણી વખત પાલડી ખાતે પણ તેઓ મળતા હતા. બન્નેના પ્રેમ સંબંધની જાણ પરિવારજનોને થઈ ગઈ હતી. જયપાલસિંના પિતા મહાવીરસિંહ યુવતી સાથે લગ્ન કરાવવા માટે રાજી થઈ ગયા હતા.



પરંતુ તેની માતા, બહેન અને ભાઈ રાજી હતા નહી. જુલાઈ ૨૦૨૫માં યુવતી અને જયપાલસિંહ વચ્ચે નાની મોટી બબાલ થઈ હતી જેના કારણે બન્ને વચ્ચે મતભેદ થઈ ગયા હતા. યુવતી તેના પીજીમાં હાજર હતી ત્યારે જયપાલસિંહે તેને ફોન પર કહ્યું હતું કે, મારે તારી સાથે લગ્ન નથી કરવા તારે જે કરવુ હોય તે કરી લેજે. જયપાલસિંહની વાત સાંભળીને યુવતીએ જવાબ આપ્યો હતો કે આપણા આટલા સમયના પ્રમ સંબંધનું શું. યુવતીને જવાબ મળે તે પહેલા જયપાલસિંહે ફોન કાપી નાખ્યો હતો. યુવતીએ જયપાલસિંહને સતત ફોન કર્યા હતા પરંતુ તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. યુવતીએ તેની મિત્રના ફોનથી જયપાલસિંહને ફોન કર્યો હતો. યુવતીનો અવાજ સાંભળતાની સાથેજ જયપાલસિંહે બેફામ ગાળો બોલવાની શરૂ કરી દીધી હતી.

આ પછી યુવકે યુવતીને ધમકી આપી હતી કે તું મને ફોન કરીશ તો હું તને જાનથી મારી નાખીશ.આ ઉપરાંત યુવાનની બહેન અને ભાઈએ પણ યુવતીને ફોન કર્યો હતો અને કહ્યુ હતું કે તારા લગ્ન મારા ભાઈ સાથે નહી થાય અને ગાળો બોલી હતી. છેલ્લે તે આ યુવતી પર શંકા રાખતો હતો અને અંતે તેમના સંબંધનો અંત આવી ગયો હતો. યુવતીએ જયપાલસિંહ વિરૂદ્ધ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરવામાં આવી હતી. આમ પ્રેમસંબંધ, લગ્નની લાલચમાં વધુ એક યુવતિ છેતરાઇ ગઇ હતી.

ફ્રોડના અન્ય એક કિસ્સામાં નાની કુંકાવાવના યુવકને ૫ લાખની લોન આપવાની પ્રોસેસીંગ ફીના બહાના હેઠળ વીસહજારની એક શખ્સે છેતરપીંડી આચરી હતી. આ અંગે વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. નાની કુંકાવાવમાં રહેતા મથુરભાઈ સોમાભાઈ સોંધરવાએ વર્શીલ ભરતભાઈ પટેલ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેને વર્શીલએ પ્રથમ એક લાખની લોન મંજુર કરાવી આપી હતી. ત્યારબાદ મથુરભાઈને વિશ્વાસમાં લઇ અને બીજી વખત પાંચ લાખની બેંક લોન કરાવી આપવાની વાત કરી હતી.

અહીં મથુરભાઈને આ શખ્સે વિશ્વાસમાં લીધા હતા. આ લોનની પ્રોસેસીંગ ફીના બહાને વર્શીલે તેના ગુગલ પેમાં વીસ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. જે બાદ તેનો સંપર્ક થયો ન હતો. વર્શીલે મથુરભાઈ સાથે રૂપિયા વીસ હજારની છેતરપીંડી આચરતા વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પીઆઈ એ.એન. ગાંગણા વધુ આગળની ધોરણસસરની તપાસ ચલાવી રહ્યા છે.

### અનેક એવા કિસ્સા બને છે જેમાં લોકો કહે છે-હમે તો અપનોને લૂંટા

# વૃધ્ધને છેતરી પુત્રવધૂએ જમીન નામે કરાવી લીધી!

## દિકરાના અવસાન પછી માનસિક રીતે ભાંગી પડેલા સસરાને દવાખાને લઇ જવાને બદલે રજીસ્ટ્રાર કચેરીએ લઇ જઇ અંગુઠા લઇ લીધા : બીજી ઘટનામાં લોન ભરવાની શરતે બોલેરો ખરીદી ખેડુત સાથે ઠગાઇ

રાજકોટ, તા. ૬

વૃધ્ધ સાથે નવતર ઠગાઇનો બનાવ બન્યો છે. જેમાં આ વૃધ્ધ દિકરાના અવસાન પછી આઘાતમાં હોઇ સગાઓએ જ તેમને છેતરી લીધા હતાં અને વિશ્વાસમાં લઇ તેઓ બિમાર હોઇ દવાખાને લઇ જવાને બદલે સબ રજીસ્ટ્રાર કચેરીએ લઇ જઇ બારોબાર જમીનનો વેંચાણ દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધો હતો. વૃધ્ધને જ્યારે આ ઠગાઇની ખબર પડી ત્યારે પોલીસને જાણ કરી હતી. પોલીસે આવી ઠગાઇ કરનાર આ વૃધ્ધની પુત્રવધૂ સહિતની સામે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ઘણીવાર ફ્રોડની ઘટનામાં ઘરના જ ઘાતકી નીકળતા હોય છે. નડીયાદના મહુધા તાલુકાના મહીસા ગામના એક વૃદ્ધને શારીરિક અને માનસિક અસ્વસ્થતાની સ્થિતિમાં છેતરીને તેમની જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવ્યો હોવાની લેખિત રજૂઆત મહુધા પોલીસ સ્ટેશને પહોંચી છે. સંબંધીઓ દ્વારા જ વૃદ્ધને વિશ્વાસમાં લઈ દવાખાને લઈ જવાને બદલે સીધા કચેરીએ પહોંચાડી આયોજનબદ્ધ રીતે જમીન પચાવી પાડવાનો કારસો રચવામાં આવ્યો હોવાનો આક્ષેપ ભોગ બનનારના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે. મહીસાના નટવરભાઈ વિઠ્ઠલભાઈ પરમારના પુત્રનું પાંચ માસ પૂર્વે અવસાન થયું હોવાથી તેઓ અત્યંત આઘાતમાં અને માનસિક રીતે અસ્વસ્થ હતા. નટવરભાઈની પુત્રવધુ જશીબેન ઉર્ફે જશોદાબેન, તેમના ભાઈ શંભુભાઈ અને જમાઈ પરેશભાઈ વૃદ્ધને સારવાર માટે દવાખાને લઈ જવાના બહાને ગાડીમાં બેસાડીને નીકળ્યા હતા.



જોકે તેઓ નટવરભાઈને દવાખાને લઈ જવાને બદલે મહુધા સબ-રજિસ્ટ્રાર કચેરીએ લઈ ગયા હતા અને ત્યાં અગાઉથી તૈયાર રખાયેલા કાગળો પર નટવરભાઈનો અંગૂઠો કરાવી લીધો હોવાનો આક્ષેપ કરાયો છે. આ દસ્તાવેજ મુજબ સાહીલ -હલાદજી ઠાકોર અને અનિલસિંહ કિશોરભાઈ સોલંકીએ જમીન ખરીદી હોવાનું અને તેના પેટે ૧૬,૭૫,૦૦૦ની રકમ ચૂકવી હોવાનું કાગળ પર દર્શાવ્યું છે. પરંતુ વાસ્તવિકતામાં વૃદ્ધને કોઈ પણ નાણાકીય ચૂકવણી કરવામાં આવી નથી. નટવરભાઈ હાલમાં ગંભીર બીમારી અને માનસિક અસ્વસ્થતા સામે ઝઝૂમી રહ્યા છે ત્યારે તેમની આ લાચારીનો લાભ લઈને કિંમતી મિલકત પડાવી લેવામાં આવી છે. આ સમગ્ર કૌભાંડ અંગે ભોગ બનનારના ભાઈએ મહુધા પોલીસ મથકે લેખિત રજૂઆત કરી કાર્યવાહી કરવા માંગ કરી હોઇ પોલીસ તપાસ શરૂ કરી હતી.

બીજા આવા બનાવમાં આણંદના સોજીત્રાના ત્રણ શખ્સોએ બોરસદ તાલુકાના દાવોલ ગામના ખેડૂત પાસેથી લોન ભરવાની શરતે બોલેરો ગાડી ખરીદ્યા બાદ સગેવગે કરી દેતા બોરસદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પોલીસે સોજીત્રાના ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બોરસદ તાલુકાના દાવોલ ગામે રહેતા સંજયભાઈ મફતભાઈ ગોહેલે શાકભાજીના ધંધા માટે રૂપિયા ૧.૨૦ લાખ ડાઉન પેમેન્ટ ભરીને લોનથી બોલેરો પિકઅપ ગાડી ખરીદી હતી. જોકે પાંચેક મહિના પહેલા માતાને ગંભીર બીમારી હોય દવા પાછળ વધુ ખર્ચ થઈ જતા તેઓ હપ્તા ભરી શકે તેમ ના હોવાથી તેમણે બોલેરો ગાડી વેચાણ માટે મૂકી હતી. જેથી બે મિત્રો મારફતે સોજીત્રાના શકીલભાઈ ઉર્ફે બોડી સિરાજભાઈ વ્હોરા, સરફરાજ ભાઈ મહંમદ ભાઈ વ્હોરા અને મતિનભાઈ વ્હોરા ગાડી જોવા માટે આવ્યા હતા.

ત્યારબાદ ૧.૩૮ લાખ રૂપિયા રોકડા અને બાકીના હપ્તા ભરવાની શરતે બોરસદના નોટરી એડવોકેટ સમક્ષ વેચાણ કરાર કર્યો હતો અને ગાડી લીધા બાદ શકીલભાઈ ઉર્ફે બોડીએ ગાડીના એક પણ હપ્તા ભર્યા નહોતા અને ગાડીનું જીપીએસ લોકેશન જોતા તે કચ્છ જિલ્લાનું બતાવતું હતું. જેથી સોજીત્રા ખાતે જઈ તપાસ કરતા શકીલભાઈ ઉર્ફે બોડી આ પ્રકારે લોનના બાકી હપ્તા ભરવાનું વચન આપી ગાડીઓ ખરીદી કર્યા બાદ સગેવગે કરી દેતો હોવાનું જાણવા મળ્યું હતું. ત્રણેય શખ્સોનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવા છતાં તેઓનો કોઈ પત્તો મળ્યો નહોતો. જેથી આખરે સંજયભાઈ ગોહેલે બોરસદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# પશુ આહારની ડોલ નીચે છુપાવેલ ૧૦ લાખનો દારૂ પકડાયો

## રાજકોટ ગ્રામ્ય ક્રાઇ દ્વારા વિદેશી દારૂ બિયરના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ

રાજકોટ, તા. ૬

ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી એક મહિન્દ્રા કંપનીની બોલેરો મેક્સ ગાડી નંબર GJ-03-BZ-9656ને આંતરીને તેની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી વશરામભાઈ વિરમભાઈ વકાતર (ભરવાડ) (રહે. કાધાસર, ચોટીલા) દ્વારા આ દારૂની હેરાફેરી ખૂબ જ ચાલાકીપૂર્વક કરવામાં આવી રહી હતી. તેણે દારૂ અને બીયરનો આ જથ્થો છુપાવવા માટે પશુ આહારની ડોલનો ઉપયોગ કર્યો હતો. ગાડીમાં દારૂ બિયરનો જથ્થો હતો.

ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી એક મહિન્દ્રા કંપનીની બોલેરો મેક્સ ગાડી નંબર GJ-03-BZ-9656ને આંતરીને તેની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી વશરામભાઈ વિરમભાઈ વકાતર દ્વારા આ દારૂની હેરાફેરી ખૂબ જ ચાલાકીપૂર્વક કરવામાં આવી રહી હતી. તેણે દારૂ અને બીયરનો આ જથ્થો છુપાવવા માટે પશુ આહારની ડોલનો ઉપયોગ કર્યો હતો. ગાડીમાં કુલ ૨૨ ડોલ રાખવામાં આવી હતી, જેથી જોતા એવું લાગે કે પશુ આહારની હેરાફેરી થઈ રહી છે, પરંતુ તેની નીચે વિદેશી દારૂનો ગેરકાયદેસર જથ્થો છુપાવેલો હતો.

પોલીસે ગાડીની ઊંડાણપૂર્વક તપાસ કરતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૧૭૯૩ નંગ વિદેશી દારૂની બોટલો અને ૦૬ નંગ બીયરના ટીન મળી આવ્યા હતા. જેમાં 'સ્ટર્લિંગ રિઝર્વ ઈ૭ રેર બ્લેન્ડેડ વ્હિસ્કી', 'ટુબોર્ગ પ્રીમિયમ બીયર' અને 'બડવાઈઝર મેગ્નમ બીયર'નો સમાવેશ થાય છે. આ તમામ બોટલો અને ટીન પર 'ફોર સેલ ઇન U.T ઓફ દાદરા અને નગર હવેલી એન્ડ દમણ અને દીવ ઓન્લી'નું લખાણ હતું. પોલીસે આ જથ્થામાંથી નમૂના લઈ એફ.એસ.એલ. તપાસ અર્થે સીલ કર્યા છે અને બાકીનો મુદ્દામાલ કબજે લીધો છે.

પકડાયેલ આરોપીની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે આ આખું નેટવર્ક વોટ્સએપ દ્વારા ઓપરેટ કરવામાં આવતું હતું. આરોપી વશરામભાઈને એક અજાણ્યા વોટ્સએપ નંબર પરથી કોલ આવ્યો હતો અને તેને દારૂનો જથ્થો લઈને વેરાવળ પહોંચવાની સૂચના અપાઈ હતી. આ માલ માટેનું પેમેન્ટ પણ ઓનલાઈન કરવામાં આવ્યું હતું. પોલીસની રેઈડ દરમિયાન આરોપી પાસેથી એક વીવો કંપનીનો મોબાઈલ ફોન પણ મળી આવ્યો છે, જેના આઈ.એમ.ઈ.આઈ. નંબર મેળવી તપાસ તેજ કરવામાં આવી છે.

સમગ્ર કાર્યવાહીમાં પોલીસે અંદાજે ૫,૦૦,૭૬૦ની કિંમતનો વિદેશી દારૂ, ૧૧૭૫ના બીયર ટીન, ૫,૦૦,૦૦૦ની કિંમતની બોલેરો ગાડી, મોબાઈલ ફોન અને ૨૨ નંગ ડોલ મળી કુલ ૧૦,૦૭,૧૫૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. રાજકોટ ગ્રામ્ય એલસીબી એ.એસ.આઈ. બી.જે. જાડેજાએ આ મામલે આરોપી વશરામભાઈ વકાતરની અટકાયત કરી ગુજરાત પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી, ફરાર વોટ્સએપ યુઝર અને અન્ય સંડોવાયેલા શખ્સોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે

### બે વર્ષથી એક હિન્દુ યુવતિ સાથે મૈત્રીકરારથી રહેતો હતો, હવે બીજી સાથે ગાયબ થયો હતો

# ગૂમ થયેલા વિધર્મી યુવાન-હિન્દુ યુવતિની લાશ મળી

## સુરેન્દ્રનગરની ચકચાર જગાવતી ઘટનામાં યુવાનના કેનાલમાંથી મળેલા કોહવાયેલા મૃતદેહનું રાજકોટમાં પોસ્ટમોર્ટમઃ તેની હત્યા થયાનો પરિવારનો આક્ષેપઃ ઓનરકિલીંગ થયાની પણ ચર્ચાઃ પોલીસ તપાસનો ધમધમાટ

રાજકોટ, તા. ૬

એક ચોંકાવનારી ઘટનામાં ગૂમ થયેલા મુસ્લિમ યુવાન અને હિન્દુ યુવતિની એક પછી એક કેનાલમાંથી લાશ મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. ચોંકાવનારે બાબત એ એ છે ક મુસ્લિમ યુવાને અગાઉથી જ એક હિન્દુ યુવતિ સાથે મૈત્રી કરાર કરી રાખ્યા હતાં અને આ યુવતિ હાલ પણ તેની સાથે જ રહેતી હતી. બીજી તરફ તે બીજી એક હિન્દુ યુવતિ સાથે ગાયબ થયો હતો. પછી બંનેની લાશ મળી હતી. પ્રાથમિક નજરે પ્રેમસંબંધમાં આપઘાતની જણાતી આ ઘટનામાં ઓનરકિલીંગ હોવાનો અને યુવાન યુવતિ બંનેની હત્યા થયાનો આક્ષેપ યુવાનના પરિવારજનોએ કરતાં તપાસ શરૂ થઇ છે. ચોંકાનવારી અને ચકચાર જગાવતી આ ઘટના સુરેન્દ્રનગરમાં બની છે.

વિગતો પર નજર કરીએ તો સુરેન્દ્રનગરમાં રહેતો બાવીસ વર્ષનો મુસ્લિમ યુવાન અને વીસ વર્ષની હિન્દુ યુવતિ સાથે ચાર દિવસ પહેલા ગાયબ થઇ ગયા બાદ આ બંનેના મૃતદેહ દૂધરેજ નજીક નર્મદા કેનાલોમાંથી મૃતદેહ મળી આવતાં ચકચાર જાગી હતી. આ ઘટના





આપઘાતની હોવાની પોલીસને શંકા હતી. જો કે યુવાનના પરિવારજનોએ ઓનરકિલીંગ, હત્યાની શંકા દર્શાવી હતી. યુવાનના પરિવારજનોએ પોતાના દિકરાની હત્યા થયાની શંકા દર્શાવતા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો. બહાર આવેલી વિગતો અનુસાર આ યુવાને અગાઉ પણ એક હિન્દુ યુવતિ સાથે મૈત્રીકરાર કર્યા હતાં, અને હાલ એ યુવતિ તેની સાથે જ રહેતી હતી. આ વચ્ચે તે અન્ય હિન્દુ યુવતિ સાથે ગાયબ થઇ ગયો હતો. ગૂમ થયાના ચાર દિવસ પછી બંનેના મૃતદેહ મળી આવતાં ચકચાર જાગી હતી.

વધુ માહિતી પર નજર કરીએ તો સુરેન્દ્રનગરની દુધરેજ નજીક આવેલા પંપીંગ સ્ટેશનમાંથી યુવક અને યુવતીની લાશ મળી આવતાં મળી આવી છે ત્યારે આ મુદ્દે સ્થાનિક લોકો દ્વારા સીટી પોલીસને જાણ કરવામાં આવતા સીટી પોલીસ તાત્કાલિક જ્યાં દોડી ગઈ હતી અને ત્યારબાદ ફાયર બ્રિગેડનો સંપર્ક કરી અને બંને મૃતદેહને પંપિંગ સ્ટેશનમાંથી બહાર કાઢી અને ત્યારબાદ ઓળખ શરૂ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં આ લાશ સુરેન્દ્રનગરના બસ સ્ટેન્ડ નજીક રહેતા બાવીસ વર્ષના સાહિલ અલ્લાઉદ્દીનભાઇ ઇબ્રાહીમભાઇ માણેક અને સુરેન્દ્રનગરની જ વીસ વર્ષની ગુડ્ડીબેન મકવાણાની હોવાની ઓળખ થઇ હતી. ગુડ્ડીબેનના સગાને બોલાવી લાશની ઓળખ કરાવી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પોલીસે ખસેડ્યો હતો.

બીજી તરફ સાહિલ માણેકના સગાએ એવો આક્ષેપ કર્યો હતો કે સાહિલભાઇ તા. ૨ના સાંજે ઘરેથી નીકળ્યા બાદ ગાયબ થઇ ગયો હતો. એ પછી તેનો ફોન તરત જ બંધ થઇ ગયો હતો. બીજી તરફ જેની લાશ મળી છે એ યુવતિના સગા સતત અમારી ઘરે આવી સાહિલ તેની દિકરીને ભગાડી ગયાનું કહેતો હતો. આ દરમિયાન બંનેની લાશ હવે ચોથા દિવસે કેનાલમાંથી મળી છે ત્યારે અમને શંકા છે કે સાહિલની હત્યા કરી લાશ ફેંકી દેવાઇ છે. સગાએ તો યુવતિ સાથે પણ અજુગતુ એટલે કે હત્યા થઇ હોઇ તેવી શંકા દર્શાવતા કહ્યું હતું કે પહેલા અમારા દિકરાને મારીને લાશ કેનાલમાં નાખી દેવાઇ હતી. તેની લાશ વધુ કોહવાઇ ગયેલી છે. બાદમાં યુવતિની લાશ નાખી દેવાઇ હોઇ શકે છે. કારણે કે તેની લાશ વધુ કોહવાયેલી નહોતી.

મૃતક સાહિલ છુટક મજૂરી કરતો હતો. તે ત્રણ બહેન અને બે ભાઇમાં વચેટ હતો. તેના સગાના કહેવા મુજબ સાહિલએ અગાઉ જાનવી નામની યુવતિ સાથે મૈત્રીકરાર કર્યા હોઇ હાલ આ યુવતિ તેની સાથે જ રહે છે. આ દરમિયાન તે ઘરેથી નીકળ્યા બાદ હવે તેની લાશ ગુડ્ડી નામની યુવતિ સાથે મળી હતી. આ બંને વચ્ચે પ્રેમપ્રકરણ હોઇ તેના કારણે તેની હત્યા થયાનો આક્ષેપ પરિવારજનોએ કરતાં સુરેન્દ્રનગર સીટી એ-ડિવીઝન પોલીસે તપાસ શરૂ કરી છે. આ ઘટનાને કારણે બંને પરિવારોમાં માતમ છવાઇ ગયો હતો. રાજકોટ ખાતે સાહિલના મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસે આગળ તપાસ શરૂ કરી છે. ગૂમ થયા બાદ આ રીતે યુવક-યુવતિની લાશ મળવાની આ ઘટનાએ સમગ્ર સુરેન્દ્રનગર પંથકમાં ચકચાર જગાવી દીધી છે. તપાસમાં કંઇક ચોંકાવનારુ બહાર આવવાની પણ ચર્ચાઓ થઇ રહી છે.

### દિ વાળે ઇ દિકરો...પણ અહિ તો ઘડપણની લાકડી બનવાને બદલે દિનેશે દીધો દગો


# પિતાના અવસાન પછી દિકરો વૃધ્ધ જનેતાની જમીન ખાઇ ગ્યો!

## બેંક ખાતામાં નામ ઉમેરાવવાના નામે મા-બહેનો પાસે જમીનના હક્ક જતાં કરવાના કાગળીયામાં સહીઓ લઇ લીધી, જમીનનો દસ્તાવેજ પોતાના નામે કરી લીધોઃ તાલુકા પોલીસે વૃધ્ધાને ન્યાય અપાવવા દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૬

એવી કહેવત છે કે દિ વાળે ઇ દિકરો. પણ ઘણા પરિવારોમાં એવા દિકરા જન્મતા હોય છે જે પોતાની કરતૂતોને લીધે પરિવારમાં જ અડખામણા બની જતાં હોય છે. રાજકોટ શહેરમાં એક એવી ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં પોણોસો વર્ષના વૃધ્ધા એકના એક દિકરાનો ઢળતી ઉંમરે ટેકો સહારો મળે એવી આશાએ જીવતા હતાં. પરંતુ આ દિકરાએ તો જનેતા જ આશરા વગરની કરી દીધી હતી. પિતાના અવસાન પછી આ દિકરાએ માતા-બહેનોને ખોટુ બોલુ જમીનમાંથી હક્ક જતાં કરાવી લેવાના કાગળીયાઓ પર સહીઓ લઇ લીધી હતી અને પિતાની જમીન પણ માતાના નામે કરવાને બદલે પોતાના નામે કરી લઇ પછી માતાને ઘરમાંથી હાંકી કાઢી હતી. કકળતી આંતરડીએ માતાએ પોલીસ સામે ખોળો પાથરતાં દિકરા સામે પોલીસે કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના મવડીના ધરમનગરમાં રહેતા પંચોતેર વર્ષીય વૃદ્ધાએ પોતાના એકના એક દિકરા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. પુત્રએ પિતાના અવસાન બાદ માતા અને છ બહેનોની સહીઓ કરાવી ખેતીની જમીનમાંથી હક્ક જતો કરાવી લીધો હોવાનો અને લાખો રૂપિયાનો વિશ્વાસઘાત કર્યાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. આ બનાવમાં તાલુકા પોલીસે મવડી ૧૫૦ રીંગ રોડ પર ધરમનગર-૩માં ઓમનગર પાસે રહેતાં ગૌરીબેન ગોવિંદભાઇ પરમાર નામના વૃધ્ધાની ફરિયાદ પરથી તેના દિકરા દિનેશ ગોવિંદભાઇ પરમાર વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. દિકરાએ વૃધ્ધ જનેતાની જાણ બહાર વારસાઇમાંથી હક્કો જતો કરવાનું નોટરી સમક્ષ સોગંદનામામાં સહઓ કરાવી લીધી હતી.




તેમજ પિતાએ આપેલા પૈસાથી ખરીદાયેલી જમીન આ શખ્સે માતાના નામે કરવાને બદલે દસ્તાવેજ પોતાના નામે કરાવી લઇ વિશ્વાસઘાત કર્યાનો આરોપ મુકાયો હતો. ફરિયાદી ગૌરીબેન પરમારએ ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૮માં તેમના પતિ ગોવિંદભાઈનું અવસાન થયું હતું. પતિના અવસાનના માત્ર ૨૫ દિવસ બાદ પુત્ર દિનેશ ગોવિંદભાઈ પરમારે પોતાની મેલી મુરાદ પાર પાડવા માટે પ્રપંચ રચ્યો હતો. તેણે માતા અને છ બહેનોને વિશ્વાસમાં લીધા હતા કે પિતાના બેંક ખાતામાં વારસાઈ નામ દાખલ કરવા માટે ૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર સહીઓ કરવી પડશે. માતા અને બહેનોએ ભાઈ પર ભરોસો રાખી સહીઓ કરી આપી હતી.

પરંતુ હકીકતમાં તે ખેતીની જમીનમાંથી હક્ક જતો કરવાનું સોગંદનામુ હતું. આ છેતરપિંડીનો ખુલાસો ત્યારે થયો જ્યારે ભારત સરકાર દ્વારા ખેડૂતોને મળતી રૂપિયા બે હજારની સહાય ગૌરીબેનના ખાતામાં આવતી બંધ થઈ ગઈ. ગૌરીબેને જ્યારે લોધીકા મામલતદાર કચેરીએ તપાસ કરી ત્યારે અધિકારીઓએ જણાવ્યું કે તમે અને તમારી દીકરીઓએ તો તા. ૨૪/૦૧/૨૦૧૯ના રોજ અરજી કરી ખાંભા ગામની જમીનમાંથી હક્ક જતો કર્યો છે. આ સાંભળીને વૃદ્ધાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. માત્ર વારસાઈ જમીન જ નહીં, પણ નવી ખરીદવાની જમીનમાં પણ પુત્રએ દગો કર્યો હતો. ગૌરીબેને લોધીકાની એક જમીન પોતાના નામે રાખવા માટે પુત્ર દિનેશને બાર લાખનો ચેક આપ્યો હતો.

પરંતુ પુત્રએ માતા સાથે વિશ્વાસઘાત કરી આ રકમ પોતાના ખાતામાં જમા કરાવી દીધી હતી અને લોધીકાની જમીનનો દસ્તાવેજ માતાને બદલે પોતાના નામે કરાવી લીધો હતો. મિલકત પોતાના નામે થઈ ગયા બાદ પુત્ર દિનેશનો અસલી ચહેરો સામે આવ્યો હતો. વર્ષ ૨૦૨૪માં તેણે માતાને ઘરમાંથી કાઢી મુક્યા હતાં. હાલ પંચોતેર વર્ષીય વૃદ્ધા પોતાની મોટી દીકરી દિવ્યાબેન સાથે રહી નિવૃત જીવન ગાળી રહ્યા છે. સામાજિક પ્રતિષ્ઠા અને એકના એક દિકરા પ્રત્યેની લાગણીને કારણે અત્યાર સુધી મૌન રહેલા માતાએ આખરે ન્યાય માટે પોલીસનો આશરો લીધો છે. ગૌરીબેને પોતાના પુત્ર દિનેશ પરમાર અને આ કાવતરામાં સામેલ અન્ય શખ્સો સામે કડક તપાસ કરવા માંગ કરી હતી. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર ડી. એમ. હરિપરાના રાહબરીમાં મોટા મવા ચોકીના પીએસઆઇ પી. જી. આલએ એફઆઇઆર દાખલ કરી દગાખોર પુત્રની સામે કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ કરી હતી.

## મહાનગરપાલિકાના સત્તાધીશો છાસવારે વિવાદના મધપૂડા છંછેડતાં રહ્યા છે

# મનપામાં ચૂંટણી ટાણે જૂથબંધી ચરમસીમાએ

### વોર્ડ-૭ના આખાં બોલા કોર્પોરેટર નેહલ શુકલને જનરલ બોર્ડમાં સતત ત્રણ વખત ગેરહાજરી મુદ્દે સભ્યપદેથી ગેરલાયક ઠરાવવાનું નાટક સફળ ન થતાં આખરે થૂંકેલું ચાટવાનો ઘાટ, મુદત પૂર્ણ થવામાં છે ત્યારે ગેરલાયક ઠેરવવાની ચાલ ઉંધી પડતા બધા કોર્પોરેટરો નેહલભાઈ સાથે છે તેઓ રાગ આલાપતા પદાધિકારીઓ





રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષ ભાજપની વર્તમાન બોડીએ સતા ગ્રહણ કર્યા બાદ અવારનવાર કોઈને કોઈ વિવાદમાં ફસાતી રહી છે. હવે શાસકોનો કાર્યકાળ પૂરો થવા આડે સવા મહિનો પણ રહ્યો નથી ત્યારે, અચાનક જ વોર્ડ નંબર ૭ના આખાં બોલા સિનિયર કોર્પોરેટર નેહલ શુકલની જનરલ બોર્ડમાં સતત ત્રણ વખત ગેરહાજરી મુદ્દે સભ્યપદેથી ગેરલાયક ઠેરવવા માટે ઇન્ચાર્જ સેક્રેટરી ધવલ જેસડિયાએ કમિશનરને પત્ર લખીને અભિપ્રાય માંગતા ફરી મહાનગરપાલિકાનું રાજકારણ ગરમાયું છે. એક તરફ મહાનગરપાલિકાની ચૂંટણી પણ નજીક આવી રહી છે ત્યારે ડેમેજ કંટ્રોલ કરવા શહેર ભાજપના હોદ્દેદારોની દોડધામ વધી ગઈ છે. ગઈ કાલે મેયર ચેમ્બરમાં મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકર, મહાનગર પાલિકા શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા અને નેહલ શુકલ વચ્ચે યોજાયેલી બેઠકમાં ઘી ના ઠામમાં ઘી પડ્યું હતું. આ પછી આજે સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે એવું નિવેદન આપ્યું હતું કે, નેહલભાઈ શુકલને સભ્યપદેથી ગેરલાયક ઠેરવવાનો કોઈ મુદ્દો જ ઉપસ્થિત થતો નથી. ભાજપના તમામ કોર્પોરેટરો તેમની સાથે છે. ભાજપમાં કોઈ જ પ્રકારનો જુથવાદ નથી એમ પણ તેમણે કહ્યું હતું.

જયમીન ઠાકરે એમ પણ કહ્યું કે, નેહલ શુક્લને બરતરફ કરવાની નોટિસ અંગે કાનૂની અભિપ્રાય લેવાશે, રજા રિપોર્ટ હોવાથી બરતરફ થવાની શક્યતા નથી.

રાજકોટ મનપાનાં ઇન્ચાર્જ સેક્રેટરી અને ચેરમેન જયમિન ઠાકર જ્યાંથી ચૂંટાયા છે તે વોર્ડ નંબર ૨ના અગાઉ વોર્ડ ઓફિસર રહી ચૂકેલા ધવલ જેસડિયાએ કોર્પોરેટર નેહલ શુક્લ ત્રણ બોર્ડમાં ગેરહાજર હોવાથી તેમને બરતરફ કરવા અંગે કમિશ્નરને પત્ર લખીને જાણ કરી હતી. સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય તરીકે રહેલા નેહલ શુક્લએ અવારનવાર પ્રજાકીય મુદ્દે ચેરમેન સામે બાંયો ચડાવી છે. જનરલ બોર્ડની બેઠકમાં પણ ભાજપ કોર્પોરેટરો દ્વારા ઠરાવ કે દરખાસ્તની ચર્ચા વગર જ મંજૂર કરી દેવાની નીતિ સામે વિરોધ નોંધાવ્યો છે. હાલમાં બજેટ રિવ્યૂ બેઠકમાં પણ તેઓએ કેટલાક મુદ્દાઓ પર વિરોધ નોંધાવતા અનેક કોર્પોરેટરોને તેઓ આંખના કણાની જેમ ખૂંચતા હતાં. મહાનગરપાલિકાના શાસક પક્ષ ભાજપમાં આંતરિક જૂથવાદ હોવાને કારણે ભાજપનાં જ અન્ય નેતાઓના ઈશારે આ કૃત્ય કરાયું હોવાની ચર્ચાઓ ઉઠી છે ત્યારે આજે સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે આ વિવાદમાં પોતાની પ્રતિક્રિયા આપી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, ઇન્ચાર્જ સેક્રેટરી ધવલ જેસડિયાએ પોતાનું કામ કર્યું છે. હવે આ મામલે ભાજપ દ્વારા કાનૂની અભિપ્રાય લેવામાં આવશે. ભાજપના તમામ કોર્પોરેટરો નેહલભાઈની સાથે છે. જે ત્રણ બોર્ડમાં તેઓ ગેરહાજર રહ્યા છે તે ત્રણ પૈકી એક બોર્ડમાં તેમનો રજા રિપોર્ટ પણ હોવાથી તેમના બરતરફ થવાની શક્યતા નથી.

જયમીન ઠાકરનાં જણાવ્યા મુજબ મનપાના ઇન્ચાર્જ સેક્રેટરી ધવલ જેસડિયા દ્વારા તેમને જાણ કરવામાં આવી હતી કે, નેહલ શુક્લ ત્રણ જનરલ બોર્ડ બેઠકમાં ગેરહાજર રહ્યા છે. આથી જનરલ બોર્ડની બુક તપાસી હતી. જેમાં એક બોર્ડ બેઠકમાં નેહલ શુક્લ દ્વારા રજા રિપોર્ટ મુકવામાં આવ્યો હતો. ત્રણ પૈકી એક બોર્ડ માટે રજા રિપોર્ટ રજૂ કરાયો હોવાથી પોતાની દ્રષ્ટિએ નેહલ શુક્લને બરતરફ કરી શકાય તેમ નથી. જોકે રજા રિપોર્ટ હોવા છતાં કોર્પોરેટર ૩ બોર્ડ બેઠકમાં હાજર ન રહે તો તેમને બરતરફ કરવાની જોગવાઈ હોવાનું ઇન્ચાર્જ સેક્રેટરીનું કહેવું છે. ત્યારે હવે ભારતીય જનતા પાર્ટી દ્વારા કાનૂની અભિપ્રાય લેવામાં આવશે. ભાજપમાં કોઈ આંતરિક જુથવાદ નથી. અને બાકીના તમામ કોર્પોરેટરો નેહલભાઈની સાથે છે.

આ સમગ્ર મામલે ગઈકાલે જ નેહલ શુક્લએ મિડિયાને એવું કહ્યું હતું કે, કાયદામાં માત્ર 'સામાન્ય સભા' એવો ઉલ્લેખ નથી, પરંતુ છ મહિનામાં એકપણ બેઠકમાં હાજર ન હોય તો જ સભ્યપદ રદ થઈ શકે. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી છે કે, મેં ઓક્ટોબર મહિનામાં યોજાયેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં હાજરી આપી છે અને તેની નોંધ રેકોર્ડ ઉપર પણ છે. ત્રણ બોર્ડમાં હું અનિવાર્ય કારણોસર હાજર રહી શક્યો ન હતો, જેમાં પણ બે બોર્ડમાં મારો રજા રિપોર્ટ મંજુર કરવામાં આવ્યો હતો. તેમજ કમિટીની કામગીરીમાં મારી હાજરી હોવાથી સભ્યપદ રદ થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

રાજકોટ મહાપાલિકાની વર્તમાન શાસક બોડીની મુદત પુરી થવામાં માત્ર ૩૭ દિવસ (સવા મહિનો) બાકી છે. ત્યારે જ વોર્ડ નંબર ૭ ના સિનિયર કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય નેહલ શુકલ સતત ત્રણ સામાન્ય સભામાં ગેરહાજર રહેતા તેમના સભ્યપદ પર કાયદાકીય રીતે ગેર લાયક ઠેરવવા અચાનક જ ઇન્ચાર્જ સેક્રેટરીએ આ મામલે કમિશનરને લેખિત પત્ર પાઠવીને કાનૂની અભિપ્રાય માંગતા ભાજપની આંતરિક લોબીમાં અનેક ચર્ચાઓ ઉઠી હતી.

જીપીએમસી (GPMC) એક્ટની કલમ ૧૧ મુજબ, જો કોઈ ચૂંટાયેલા પ્રતિનિધિ સતત ૩ સામાન્ય સભામાં ગેરહાજર રહે અથવા ૬ મહિના સુધી ગૃહની કામગીરીથી અલિપ્ત રહે, તો તેમને પદ પરથી ગેરલાયક ઠેરવવાની જોગવાઈ છે. તા. ૨૦-૯-૨૫, તા. ૨૦-૧૧-૨૫ની સભામાં નેહલ શુકલની ગેરહાજરી નોંધાઈ હતી. જોકે તેમણે રજા રિપોર્ટ મોકલ્યો હતો. જ્યારે તારીખ ૨૦-૧-૨૬ ના રોજ યોજાયેલી છેલ્લી સભામાં પણ તેઓ રજા રિપોર્ટ બાદ ગેર હાજર રહ્યા હતા.આમ, સળંગ ત્રણ સભાઓમાં હાજરી ન પુરાતા સેક્રેટરી વિભાગે નિયમ મુજબ પ્રક્રિયા હાથ ધરી હતી.

જોકે નેહલ શુક્લએ બચાવમાં જણાવ્યું છે કે, હું આ સમયગાળા દરમિયાન સ્ટેન્ડિંગની બેઠકમાં હાજર રહ્યો હોવાથી મારી સતત ગેરહાજરીનો કોઈ સવાલ જ નથી.

## પ્રજાનો સેવક છું, પ્રજાના પ્રશ્નો ઉઠાવતો રહીશઃ નેહલ શુક્લ

કોર્પોરેટર નેહલ શુક્લએ તેમને ગેર લાયક ઠેરવવા મુદ્દે ઉભા થયેલા વિવાદ બાદ મિડિયાને આજે એક એવું સ્ફોટક નિવેદન આપ્યું હતું કે, મેં હંમેશા પ્રજાકિય પ્રશ્ને અવાજ ઉઠાવ્યો છે. મારા માટે પ્રજાનાં પ્રશ્નો અગ્રતા ક્રમે છે. પ્રજાનો સેવક છું એટલે આજે પણ અને ભવિષ્યમાં પણ પ્રજાકિય પ્રશ્ને અવાજ ઉઠાવીશ. શુકલનુ આ નિવેદન ગઈ કાલે થયેલા વિવાદ વિશે પણ ઘણું કહી જાય છે.

## મહાનગરપાલિકાના વર્તમાન શાસકો ક્યારે વિવાદમાં આવ્યા?

**મહાનગરપાલિકાના વર્તમાન શાસકોએ જ્યાંથી ખુરશી સંભાળી ત્યારથી વિવાદમાં આવી રહ્યા છે.**

☞ પ્રધાનમંત્રી આવાસ અને રાજીવ આવાસ યોજના હેઠળ નાણાંકિય લાભ મેળવી ૨૦૨૪મા વોર્ડ નંબર ૫ નાં મહિલા કોર્પોરેટર વજીબેન ગોલતર અને વોર્ડ નંબર ૬ના કોર્પોરેટર દેવુબેન જાદવના પતિદેવોએ પોતાના સગા સંબંધીઓને ૨૩ જેટલા આવાસો ગેરકાયદેસર રીતે અપાવ્યાં હતાં. આ પ્રકરણમાં શહેર ભાજપ દ્વારા બન્ને મહિલા કોર્પોરેટર અને તેમના પતિદેવોને ભાજપના સભ્યપદેથી છ વર્ષ માટે ગેરલાયક ઠેરવ્યા હતા. હાલમાં બન્ને મહિલા કોર્પોરેટર અપક્ષ તરીકે જનરલ બોર્ડમાં બેસે છે.

☞ મેયર નયનાબેન પેઢડીયા મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવેલી સરકારી ગાડીનો દુરપયોગ કરી બે રૂપિયા પ્રતિ કિલોમીટર મુજબના ભાવે પતિદેવ વિનુભાઈ પેઢડિયા અને સગાં સંબંધી સાથે પ્રયાગ રાજના મહાકુંભ મેળામાં ગયા હતા અને સરકારી ગાડી પર કપડાં સુકવવાની તસવીરો તેમજ વિડિયો વાયરલ થયા હતા આ મુદ્દે ચેરમેન જયમિન ઠાકરે વિવાદનો મધપૂડો છંછેડ્યો હતો. પ્રયાગરાજથી પરત આવ્યા બાદ પોતે કમિશનરની મંજૂરી લઈને ગયાં હોવાનું અને બે રૂપિયા નહીં પણ નિયમ મુજબ પ્રતિ કિલોમીટર દસ રૂપિયા ભાડું આપ્યાનું કહ્યું હતું. પોતાની બદનામી કરવા બદલ મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવા તૈયારી પણ બતાવી હતી.

☞ મહાનગરપાલિકા શાસક પક્ષ કચેરીમાં બાજુ બાજુમાં બેસતા શાસક પક્ષના પ્રમુખ લીલુબેન જાદવ અને દંડક મનીષભાઈ રાડિયા વચ્ચે એક કાર્યક્રમમાં હોદ્દાની રૂએ આગળ બેસવા મુદ્દે ઝગડો થયો હતો. સમાધાન માટે ભેગા થયા બાદ પણ નેતાઓની હાજરીમાં ''હાલતીનો થા અને તું હાલતી ની થા'' જેવી ભાષાઓનો પ્રયોગ થયો હતો.

☞ શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ ગાંધીનગર મુલાકાત ના નામે દ્વારકા, અંબાજી, સોમનાથ યાત્રાએ ગયા હોવાનો વિવાદ પણ ચગ્યો હતો. આ વિવાદ બાદ લીલુંબેન જાદવના ડ્રાયવર પણ બદલી નંખાયા હતા. લીલુબેને લાંબો સમય કચેરીએ આવવાનું અને જાહેર સમારંભમાં જવાનું બંધ કરી દીધું હતું.

☞ તાજેતરમાં એક આસિસ્ટન્ટ ઈજનેરને એજન્સીના કર્મચારીએ ફડાકો મારવાનાં કિસ્સામાં પણ એજન્સી મેયર પતિના જાણિતા હોવા મુદ્દે મેયર બંગલે માથાકૂટ થઈ હતી અને, ''આપણે કંઈ બંગડીઓ નથી પહેરી'' એવું નિવેદન આપી.


☞ એજન્સીને ૪૮ કલાકમાં બ્લેક લિસ્ટ કરવાની ખાતરી આપનારા ચેરમેન કંઈ પગલાં લઈ શક્યા નહોતા.

## અધિકારીના ખંભે બંદૂક રાખી જૂથબંધી હોવાનો જાણકારોનો મત

મહાનગરપાલિકામાં વિવાદ અને વિરોધ શાંત પડવાનું નામ જ નથી રહેતા સમયાંતરે કંઈક ને કંઈક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે જે દરેકનું ધ્યાન ખેંચે છે. મળતી માહિતી મુજબ અધિકારીના ખંભે બંધુક રાખી જૂથ બંધી હોવાનું જાણકાર વર્તુળો માની રહ્યા છે. એટલું જ નહીં કોર્પોરેટર નેહલ શુકલ દ્વારા અગાઉ પણ વિવિધ સ્ટેન્ડિંગ બેઠકમાં ભ્રષ્ટાચાર અંગે અવાજ ઉઠાવ્યો હોવાનું પણ સામે આવ્યું હતું ત્યારે આડકતરી રીતે તેમની ગેરહાજરીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હોવાનું પણ જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે આ અંગે ઇન્ચાર્જ મ્યુનિસિપલ સેક્રેટરી ધવલ જેસડિયા સાથે ટેલિફોનિક વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે નેહલ શુક્લ દ્વારા નવમા મહિનામાં બોર્ડ બેઠકમાં ગેરહાજર હતા. ત્યારબાદ ૧૧ મો એટલે કે નવેમ્બર મહિનામાં તેઓએ રજા મંજૂર કરાવીને ગેરહાજર રહ્યા હતા. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૬માં પણ રજા રિપોર્ટ આપીને તેઓ ગેરહાજર રહ્યા હતા ત્યારે ત્રણ ગેરહાજરી હોવાથી અનિશ્ચિતતા એ છે કે રજા રિપોર્ટ તે માન્ય રાખવું કે ગેરહાજર રહ્યા છે તેને ધ્યાને લેવું જે અંગેની સત્તા મ્યુનિસિપલ કમિશનરની હોવાથી અભિપ્રાય માગવામાં આવ્યો છે. ત્યારે જરૂર લાગશે તો મ્યુનિસિપલ કમિશનર આ અંગે હાઇકોર્ટના વકીલનું પણ માર્ગદર્શન મેળવશે તેવું તેઓએ જણાવ્યું હતું એટલું જ નહીં તેઓએ કહ્યું કે આગામી બજેટ બોર્ડમાં તેઓને બેસવા દેવા કે કેમ તે અંગેનો સંપૂર્ણ નિર્ણય મ્યુનિસિપલ કમિશનર જ કરશે.

# જંગલેશ્વરના દબાણ દૂર કરવા હવે મનપા મેદાને

### કોર્ટમાં દાખલ કરી કેવીયેટઃ પાણી પહેલા પાળ બાંધતું તંત્ર



રાજકોટ, તા. ૬

મળતી માહિતી મુજબ હાલ હાઈકોર્ટના આદેશ બાદ જંગલેશ્વરના રહેવાસીઓ ને રાહત મળી છે પરંતુ મહાનગરપાલિકા દ્વારા પોતાની જગ્યા ખાલી કરવામાં આડે કોઈ અવરોધ ન આવે તે માટે હાલ મનપા ખુદ પોતે હરકતમાં આવ્યું છે અને કેવીયેટ દાખલ કરાવી છે. ત્યારે પ્રશ્ન હવે ઉભો થયો છે કે મનપાના આ કેવિએટ દાખલ કરાવ્યા બાદ હવે શું પગલાં લેવામાં આવશે તે જોવાનું રહ્યું એટલું જ નહીં હાલ કોર્ટ આ બાબતે શું નિર્ણય લેશે તે પણ મહત્વનું છે.

શહેરના વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર વિસ્તારમાં ૧૫૦૦થી વધુ ગેરકાયદે દબાણો તોડવા કલેકટર તંત્રએ શરૂ કરેલી પ્રક્રિયા વચ્ચે હાઇકોર્ટે ત્રણ મહિનાનો સ્ટે આપ્યો છે ત્યારે હવે મહાપાલિકા પણ પોતાની જગ્યા ખાલી કરાવવા આડે કોઇ અવરોધ ન આવે તે માટે હરકતમાં આવી છે. ભુતકાળમાં અપાયેલી નોટીસ પરથી કોઇ મનાઇહુકમ ન લાવે તે માટે જનરલ કેવિયેટ દાખલ કરી છે.

રજીસ્ટ્રાર મારફત કોર્પો.એ દાખલ કરેલી કેવીયેટમાં જણાવ્યું છે કે, વોર્ડ નં.૧૬ ટીપી ૬માં ૧૫ મીટરના આ રોડ પર રહેણાંક અને ધંધાકીય દબાણો હોવાથી અગાઉ નોટીસો અપાઇ છે. જે રોકવા સ્ટે.ની માંગણી કોઇ કરે તેવી શકયતા છે. ભુતકાળમાં કોર્પો.એ પણ ડિમોલીશનની તૈયારી કરી હતી. પરંતુ હાલ સરકાર અને કલેકટર પોતાની જગ્યા ખાલી કરાવવા કાર્યવાહી કરતા હોય મનપાએ નવી કોઇ તજવીજ કરી નથી.

કોઇ પણ વ્યક્તિ, સંસ્થા અગર પેઢી વગેરે સામાવાળા વિરૂધ્ધ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાખલ કરાયેલી જનરલ કેવિએટ નં.૩૨૯ વર્ષ-૨૦૨૫માં જણાવ્યું છે કે, કોર્પો.ને આજી નદીના પટમાં આવેલ જંગ્લેશ્વર વિસ્તારમાં ૫૦ ફુટના ટી.પી. રોડ ઉપર કોઇક આસામીઓ દ્વારા રહેણાંક તેમજ ધંધાકીય દબાણો કરેલ હોવાનું ધ્યાનમાં આવતાં જેઓને સ્પીકીંગ ઓર્ડર તથા કારણદર્શક નોટીસો પાઠવેલ છે.

જે પ્રોસીડીંગ્સ અટકાવવા અમુક રહેવાસીઓ ગેરકાયદેસર રીતે મનાઇ હુકમની માંગણી કરે તેવી શક્યતા છે. તેમજ આ અમુક લોકો કોર્પો. સામે દાવો કરી મનાઇ હુકમની માંગણી કરે તેવી પુરી શક્યતાં જણાતા કેવિએટ દાખલ કરાઇ છે. જેથી હવે કોર્પો.ને સાંભળ્યા પહેલા અદાલત સ્ટે ન આપે તેવું ધ્યાન દોરવામાં આવ્યું છે. કલેકટર ની કાર્યવાહીને ધ્યાને લઈ મામલતદાર દ્વારા જે કામગીરી કરવામાં આવી હતી તેના પર હાલ રોક મૂકી દેવામાં આવી છે એટલે કે આગામી ૯૦ દિવસ સુધી કોઈ ડિમોલિશન પ્રક્રિયા કલેક્ટર વિભાગ દ્વારા હાથ ધરવામાં નહીં આવે સામે હાઇકોર્ટે સરકારને વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવા માટે પણ જણાવ્યું પરંતુ કલેક્ટર સ્પષ્ટ કહ્યું કે એ પ્રકારની કોઈ જોગવાઈ કાયદામાં નથી. ત્યારે હવે મહાનગરપાલિકા શું સ્ટેન્ડ લેશે તે પણ હાલ ચર્ચા નો વિષય બન્યો છે.

મળતી માહિતી મુજબ સરકાર દ્વારા શહેર અને જિલ્લાને દબાણ મુક્ત બનાવવાનો જે નિર્ધાર લેવામાં આવ્યો છે તેમાં હવે કયા પ્રકારના પગલાં લેવાશે તે પણ એટલું જ મહત્વનું છે બીજી તરફ આજી નદીના કાંઠે રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ જે તે સમયે હાથ ધરવામાં આવે તે પૂર્વે જ આ તમામ દબાણોને દૂર કરવા માટેના પ્રયત્નો હાલ કલેકટર અને મહાનગરપાલિકા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે.

# મતદાર યાદીમાં ૨૭,૦૦૦ નામો રદ કરવાની પેરવી

### કોંગ્રેસનો ઉગ્ર વિરોધ : મોટી સંખ્યામાં આગેવાનો કલેકટર કચેરીમાં ઉમટી વર્ણવ્યો રોષ



રાજકોટ, તા. ૬

સમગ્ર રાજ્યમાં હાલ મતદાર સુધારણા ની કામગીરી ચાલી રહી છે ત્યારે આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ ૧૭ ફેબ્રુઆરીના રોજ થશે જેમાં ૨૭૦૦૦ મતદારોના નામ રદ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે તે પહેલા જ કોંગ્રેસ દ્વારા આ અંગે વિરોધ ઉઠાવવામાં આવ્યો છે અને કાર્યકરોએ ગઈકાલે કલેકટર કચેરી ખાતે ઉમટી પડી ઉગ્ર રજૂઆત કરી હતી અને યોગ્ય કામગીરી કરવા નો અનુરોધ કર્યો હતો. વિશાળ સંખ્યામાં શહેર કોંગ્રેસના પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ મામલે જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશને આવેદનપત્ર સુપ્રત કરી ઉગ્ર રજૂઆત કરી હતી.

ગઈકાલે સવારના સમયે જ કોંગી કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં કલેકટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા અને કલેકટર ની કામગીરી અંગે વિરોધ નોંધાવ્યો હતો. આગેવાનો અને કાર્યકરોએ પોણો કલાક સુધી કલેક્ટર કચેરીના બાણમાં લીધી હતી અને ગ્રાઉન્ડમાં બેસી ઉગ્ર સૂત્રોચાર પણ કર્યા હતા. ત્યારે ખરા અર્થમાં કલેકટર વિભાગ આ અંગે શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું.

આ અંગે શહેર કોંગ્રેસના પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે રાજકોટ શહેરમાં એસઆઈઆર-૨૦૨૫/૨૬ દરમ્યાન મોટાપાયે શંકાસ્પદ બલ્કમાં ફોર્મ નં.૭ હજારોની સંખ્યામાં ખોટા ભરાયા છે. જે મતદારોના અધિકાર પર પ્રહાર કરવા સમાન છે.

આ મામલામાં તત્કાલ તપાસ કરી પોલીસ ફરીયાદ (એનઆઈઆર) દાખલ કરવા તેઓએ માંગણી ઉઠાવી ઉમેર્યું હતું કે હજારોની સંખ્યામાં સબમીટ થયેલા આ ફોર્મ નં.૭ પ્રથમ દ્દષ્ટિએ જ ખોટા બનાવટી અને પૂર્વનિયોજીત જણાઈ આવે છે. આ સમગ્ર ઘટના ચૂંટણી પ્રક્રિયાની પારદર્શીતા પર પ્રશ્ન ઉભો કરતી નથી પરંતુ ભારતના બંધારણ દ્વારા સુરક્ષિત મતાધિકાર પર આ સીધો હુમલો છે.

તેઓએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં આ સબમીટ થયેલા ફોર્મ નં.૭માં એકસરખી અથવા અલગ અલગ ખોટી સહી કરવામાં આવી છે. એપીક નંબર અને વ્યકિતગત વિગતોમાં ચેડા કરવામાં આવેલ છે. એક જ વ્યકિત દ્વારા અનેક ફોર્મ આવા ભરવામાં આવેલ છે જેમાં બોગસ મોબાઈલ નંબરનો પણ ઉપયોગ કરવામાં આવેલ છે. ખાસ કરીને એસસી, ઓબીસી, અલ્પસંખ્યક અને આર્થીક રીતે નબળા વર્ગના મતદારોને આની વધુ અસર થવાની રહેલી સંભાવના ચિંતાજનક છે.

ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા મુજબ બલ્કમાં સબમીટ થયેલા આ ફોર્મ નં.૭ સ્વીકાર્ય નથી તેમ શહેર કોંગ્રેસના પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાએ જણાવી ઉમેર્યુ હતું કે આ પ્રકરણમાં ઈઆરઓ દ્વારા યોગ્ય ચકાસણી વિના આ ફોર્મ સ્વીકારવામાં આવ્યા હોવાની આશંકા છે.

આ તમામ શંકાસ્પદ અને બલ્કમાં જમા થયેલા ફોર્મ નં.૭ પર તત્કાલ સ્ટે મુકવામાં આવે, ખોટા ભરાયેલા આ ફોર્મ નં.૭ રદ્દ કરી તેની ફોરેન્સીક તપાસ કરવામાં આવે અને આ કૌભાંડમાં સંડોવાયેલા અધિકારીઓ અને શખ્સો સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવે તેવી તેણે માગણી ઉઠાવી જણાવ્યું હતું કે આ બાબતે જો મતદારોના અધિકારોની રક્ષા માટે પગલા નહીં લેવાય તો કોંગ્રેસ દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે લડત છેડવામાં આવશે.

આ રજૂઆતમાં શહેર કોંગ્રેસના પ્રમુખ રાજદીપસિંહ જાડેજા સાથે પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી, ડો.હેમાંગ વસાવડા, વશરામ સાગઠીયા, જશવંતસિંહ ભટ્ટ, ગાયત્રીબા વાઘેલા, નરેન્દ્રભાઈ સોલંકી, નીતીન ભંડેરી, મુકુંદભાઈ ટાંક, કોમલબેન ભારાઈ, મુકેશભાઈ ચાવડા, ગોવિંદભાઈ સભાયા, ઈબ્રાહીમભાઈ સોરા, યુનુસભાઈ જુણેજા (લકકી), શૈલેષભાઈ સાકરીયા, કેતનભાઈ તાળા, વિજયભાઈ પીઠડીયા, ઉમરભાઈ સોરા, રાજુભાઈ ચાવડા, હાર્દિકભાઈ પરમાર, જાવેદભાઈ નાગાણી, રામદેવસિંહ વાઘેલા સહિતના આગેવાનો અને કાર્યકરો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.